**આજનો સુવિચાર**

તમારી કુશળતા પર દરેક વ્યક્તિ ત્યાં સુધી ભરોસો નહી કરે, જ્યાં સુધી તમે સફળ નહી બનો!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૬૮ જૂનાગઢ તા.૨૮-૦૬-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડિયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 168, Junagadh : Date : 28 Jun, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# લોકોની બચત ઘટી, દેવાનો બોજ વધ્યો દેશની આર્થિક સ્થિરતા જોખમમાં

નવી દિલ્હી તા. ૨૮

રિઝર્વ બેંકએ નાણાકીય સ્થિરતા અહેવાલમાં જણાવ્યું હતું કે કોવિડ પછી લોકોનું દેવું વધ્યું છે. આ સાથે છેલ્લા દસ વર્ષમાં બચતની રકમમાં પણ ઘટાડો થયો છે. આરબીઆઈએ કહ્યું કે લોકો ઓછી બચત કરી રહ્યા છે અને લોન લઈ રહ્યા છે. તેનાથી દેશની આર્થિક સ્થિરતા જોખમાઈ શકે છે. તેથી તેના પર ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે. RBI અનુસાર, વર્ષ ૨૦૨૩માં એકંદરે લોકોની બચત GDPના ૧૮.૪% ઘટી છે. ૨૦૧૩ અને ૨૦૨૨ ની વચ્ચે, તે સરેરાશ ૨૦% છે. એ જ રીતે, ૨૦૧૩ થી ૨૦૨૨ સુધી, લોકોએ તેમની કમાણીમાંથી સરેરાશ ૩૯.૮ ટકા બચત કરી. પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૩માં તે ઘટીને ૨૮.૫ ટકા થઈ ગયું. ૨૦૧૩ થી ૨૦૨૨ સુધી, લોકોએ તેમની કમાણીના જીડીપીના સરેરાશ ૮ ટકા બચાવ્યા, પરંતુ ૨૦૨૩ માં, આ વધીને ૫.૩ ટકા થઈ ગયું. ભારતનું કુલ દેવું જીડીપીના લગભગ ૪૦.૧ ટકા છે, જે અન્ય ઊભરતાં બજાર અર્થતંત્રોની સરખામણીમાં ઓછું છે. આરબીઆઈએ નોંધ્યું હતું કે માથાદીઠ જીડીપીના સંદર્ભમાં આ 'તુલનાત્મક રીતે' ઊંચું છે. રીઝર્વ બેંક માને છે કે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ઘરેલું નાણાકીય બચત ઝડપથી વધી હતી, હવે તેમાં ઘટાડો થયો છે. વાસ્તવમાં, તે હવે ભૌતિક સંપત્તિ તરફ વળ્યું છે. લોકો હવે તેમની બચતમાં વિવિધતા લાવી રહ્યા છે અને તેમની મૂડીને નોન-બેંક અને કેપિટલ માર્કેટમાં રોકાણ કરી રહ્યા છે.

## ઝારખંડનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને રાહત : હાઈકોર્ટે જામીન આપ્યા



રાંચી તા. ૨૮

આખરે રાંચી હાઈકોર્ટ દ્વારા ઝારખંડનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને જામીન આપવામાં આવ્યા છે. જમીન ગોટાળા કૌભાંડમાં હેમંત સોરેન છેલ્લા પાંચ મહિનાથી જેલમાં હતા. ઈડી દ્વારા તેમની ગત તા. ૩૧ જાન્યુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી. પાંચ મહિના જેલમાં રહયા બાદ હેમંત સોરેનને રાંચી હાઈકોર્ટ દ્વારા જામીન મળી ગયા છે. તેઓ આજે અથવા આવતીકાલે જેલમાંથી બહાર આવશે તેવું જાણવા મળેલ છે.

## ભારે ગરમી - જળસંકટનાં કારણે વિશ્વમાં કૃષિ ઉત્પાદનોમાં ૧૪ ટકાનો ઘટાડો થશે : ચીંતા

નવી દિલ્હી,તા.૨૮

વિશ્વભરમાં વધી રહેલી ગરમી અને પાણીની અછતના કારણે કૃષિ ઉત્પાદનો પર ગંભીર અસર પડવાની ચિંતા વ્યાપી છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, આગામી ત્રણ દાયકામાં વૈશ્વિક ખાદ્ય ઉત્પાદનમાં ૬ થી ૧૪ ટકાનો ઘટાડો થશે.

૨૦૨૦ની સરખામણીએ ખાદ્ય સુરક્ષા વગરના લોકોની સંખ્યા ૧.૩૬ અબજ સુધી વધી શકે છે. આ રિપોર્ટ નેચરના જર્નલ સાયન્ટીફીક રિપોર્ટસમાં પ્રસિદ્ધ થયો છે. ભારતમાં ખૂબ અસરવાળા જલવાયુ પરિવર્તનના કારણે કૃષિ ઉત્પાદનોમાં ૨૦૫૦ સુધી ૧૬.૧ ટકાનો ઘટાડો થઈ શકે છે.

એટલે કે ગરમીની વધતી અસર અને પાણીની ઉપલબ્ધીમાં ઘટાડાના કારણે આવી હાલત સર્જાઈ શકે છે. ચીન અને આસીયાન જેવા કૃષિ નિકાસકારોએ પણ આયાત તરફ વળવુ પડશે.

કલાઈમેટ ચેન્જના કારણે કૃષિ ઉત્પાદનમાં ઘટાડો થવાથી અનાજથી વંચિત રહેતા લોકોની સંખ્યામાં વધારો થતો રહે છે. આ અભ્યાસ ૧૪૧ દેશના જુદા જુદા ૩૦ વિસ્તારમાં કરવામાં આવ્યો હતો. આ ડેટાનો ઉપયોગ અનાજ સુરક્ષાથી વંચિત લોકોનું અનુમાન બાંધવા માટે ઉપયોગમાં લેવાશે. કલાઈમેટ ચેન્જની મોટી અસર આફ્રિકાખંડમાં વધુ છે. ૨૦૫૦ સુધીમાં આ ખંડના દેશોમાં ચિંતા વધી હશે. ઉપરાંત મધ્યપુર્વ, દક્ષિણ એશિયા અને અમેરિકા પણ તેમાં સામેલ છે.

ઘણા આફ્રિકી દેશોમાં ઉત્પાદન અડધુ થઈ જવાની પણ ભીતિ છે તો ચીન અને આસીયાન જેવા દેશ આયાતકાર બનશે. ચીન, ભારત, પાકિસ્તાન અને અમેરિકા જેવા દેશોમાં ખાદ્ય ઉત્પાદનમાં વૃદ્ધિ પણ અનિશ્ચિત છે. કારણ કે અહી પાણીનું કદ અસમાન થઈ ગયું છે.

## નશા-દારૂને કારણે વિશ્વમાં પ્રતિવર્ષ ૩૦ લાખ લોકો જીવ ગુમાવે છે

નવી દિલ્હી,તા. ૨૮:

WHOના ચોંકાવનારા રિપોર્ટે દુનિયાને ડરાવી દીધી છે. નશાનાં કારણે દર વર્ષે થાય છે ૩૦ લાખ લોકોનાં મોત થાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેનનો એક ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. જેણે દુનિયાના લોકોને ડરાવી દીધા છે રિપોર્ટમાં ખુલાસો થયો છે કે નશાના કારણે દુનિયામાં વાર્ષિક ૩૦ લાખ લોકો જીવ ગુમાવે છે. એટલે કે દર ૨૦માંથી ૧ વ્યકતિના મોતનું કારણ દારૂનું સેવન હોય છે. WHOના દારૂ અને માદક દ્રવ્યોના સેવનથી સ્વાસ્થ્ય સંબંધિત વિકારો પરના વૈશ્વિક રિપોર્ટમાં આ ખુલાસો થયો છે. રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારતમાં પ્રતિ ૧ લાખની વસ્તી પર દારૂના કારણે મોતનો દર ૩૮.૫ ટકા છે. જયારે ચીનમાં દારૂથી થતાં મોતનો દર ભારતથી લગભગ અડધો એટલે કે ૧૬.૧ ટકા છે. આ રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારતમાં દારૂના કારણે ૬૩ ટકા પુરુષોના મોત થાય છે. જયારે ચીનમાં દારૂના કારણે ૨૯.૬ ટકા પુરુષોના મોત થાય છે. ઓછી આવકવાળા દેશોમાં દારૂના કારણે મોતનો આંકડો વધી રહ્યો છે. ૧ લાખની વસ્તીમાં ૫૨.૯ મોતની સાથે યુરોપિયન દેશો સૌથી ઉપર છે. તો ૧ લાખની વસ્તીઓ ૫૨.૨ મોતની સાથે આફ્રિકન દેશો બીજા ક્રમે છે. દારૂના કારણે ૨૦ થી ૩૯ વર્ષના યુવાઓના મોતની ટકાવારી ૧૩ ટકા છે. વિશ્વમાં લગભગ ૪૦ કરોડ લોકો એટલે કે સાત ટકા વસ્તી દારૂ અને નશીલી દવાઓના કારણે થતી બીમારીઓથી પીડીત છે. દારૂના સતત સેવનથી અનેક પ્રકારની બીમારીઓને આમંત્રણ મળે છે. જેમાં લીવર સાથે જોડાયેલી બીમારીઓથી લઈને કેન્સર સુધીનો સમાવેશ થાય છે.

## અમદાવાદ - લીંબડી હાઈવે પર ટ્રક-ડમ્પર વચ્ચે ટકકર : બેનાં મોત

સુરેન્દ્રનગર તા. ૨૮

સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી-અમદાવાદ હાઈવે પર ડમ્પર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જેને પગલે ટ્રક ડ્રાઈવર સહિત અન્ય એક વ્યક્તિ બળીને ખાખ થઈ જતાં બંનેના મોત નીપજ્યા હતા. જ્યારે એક વ્યક્તિ દાઝી ગયો હતો. જેથી તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. લીંબડી-અમદાવાદ હાઈવે પર ભલગામડા સર્કલ પાસે ડમ્પર ચાલકે પાછળથી ટ્રકને ટક્કર મારતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો.

## આયુષમાન યોજના હેઠળ વ્યાપક કૌભાંડો :
## રાજકોટ સ્થિત બાળકોની હોસ્પીટલને રૂા. ૬.૫૪ કરોડનો દંડ ફટકારાયો

રાજકોટ,તા.૨૮

ડોકટરને ભગવાનનો દરજજો આપવામાં આવ્યો છે પરંતુ જીવન રક્ષક બનતા ડોકટરોએ ઉઘાડી લુંટ ચાલુ કરી છે. પૈસા કમાવવાની હોડમાં અનિતીના રસ્તે ચાલવા માંડયા છે તેવો જ એક કિસ્સો રાજકોટની નિહિત બેબીકેર હોસ્પિટલમાં સામે આવ્યા છે. જેમાં ડોકટરે આયુષ્યમાન યોજના હેઠળ કરવામાં આવેલ છેતરપીંડીનાં બનાવમાં હોસ્પિટલને રૂા.૬.૫૪ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ગુજરાતમાં પ્રથમવાર એવી ઘટના બની છે જયાં એક હોસ્પિટલને ૬.૫૪ કરોડનો સૌથી વધુ દંડ ફટકારવામાં આવ્યો હોય. હાલ આ હોસ્પિટલને દંડ સાથે આયુષ્યમાન યોજનાનો સરકાર સાથેના કરારની યાદીમાંથી હોસ્પિટલનું નામ હટાવી દેવામાં આવ્યું છે જે નિહિત હોસ્પિટલને ચોકકસ મુદતમાં આ દંડની રકમ ફરજીયાતપણે ભરવાની રહેશે.

લક્ષ્મીનગર મેઈન રોડ, ત્રિશુલ ચોક પાસે આવેલ નિહિત બેબીકેર હોસ્પિટલના ડો.હિરેન મારૂ દ્વારા આ છેતરપીંડી કરવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય અધિકારી પી.કે.સિંઘને મળેલી માહિતી મુજબ નિહિત બેબીકેર હોસ્પિટલમાં થતા લેબોરેટરીના રિપોર્ટમાં વધુ ચાર્જ ઉમેરી સરકારને પોર્ટલમાં ચડાવવામાં આવતું હતું. અંદાજે ૧૧૬ લેબના રિપોર્ટમાં નિયત કરેલ ચાર્જથી વધુ ચાર્જ ઉમેરી સરકારના આયુષ્યમાન પોર્ટલ પર રિપોર્ટ જમા કરવામાં આવતા હતા. આ કામગીરીમાં સરકારને લાગતા જિલ્લા આરોગ્ય અધિકારી પી.કે.સિંઘને તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. તપાસ દરમ્યાન રૂા.૬૫ લાખની છેતરપીંડી કરી હોવાનું સામે આવ્યુ હતું. આ રકમની ૧૦ ગણી પેનલ્ટી રકમ ૬.૫૪ કરોડનો દંડ હોસ્પિટલને ફટકારવામાં આવ્યો છે. નિહિત બેબીકેર હોસ્પિટલમાં નાના બાળકોને સારવાર આપવામાં આવે છે.

## કર્ણાટકમાં ભયાનક અકસ્માત : બંધ ટ્રક સાથે ટેમ્પો ટ્રાવેલર અથડાતા ૧૩ યાત્રાળુઓનાં મોત

બેંગ્લોર, તા.૨૮:

કર્ણાટકમાં એક ભયાનક અકસ્માત થયો છે. રાજયના હાવેરી જિલ્લામાં પુણે-બેંગલુરુ નેશનલ હાઈવે પર એક માર્ગ અકસ્માતમાં ૧૩ યાત્રાળુઓનાં મોત થયા છે. આ અકસ્માત જિલ્લાના બગડી તાલુકામાં ગુંદેનહલ્લી ક્રોસ પાસે થયો હતો. આ માર્ગ અકસ્માતમાં જીવ એક બાળક સહિત ૧૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. નેશનલ હાઈવે પર થયેલા અકસ્માતમાં ઘાયલ લોકોને હોસપિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

ટેમ્પો ટ્રાવેલર પૂણે-બેંગ્લોર નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહી હતી ત્યારે આ માર્ગ અકસ્માત થયો હતો. હાઈવે પર પાર્ક કરેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રાવેલરનો આગળનો ભાગ સંપૂર્ણ રીતે ચકનાચૂર થઈ ગયો હતો. આગળ બેઠેલા લોકોના મૃતદેહ ચોંટી ગયા. ઘટનાની તસવીરો પણ સામે આવી છે, જેમાં રેસ્કયુ ટીમ ઘાયલ અને મૃતકોને હટાવતી જોઈ શકાય છે. આ અકસ્માતમાં પ્રવાસીને ઘણું નુકસાન થયું હતું.

પોલીસે જણાવ્યું કે તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતકો શિમોગા જિલ્લાના ભદ્રાવતી તાલુકામાં હોલેહોન્નુર પાસેના એમ્મીહટ્ટી ગામના રહેવાસી હતા. કલબુર્ગી જિલ્લામાં ચિંચોલી માયમ્માની મુલાકાત લઈને પોતાના વતન પરત ફરી રહ્યા હતા, ત્યારે આ અકસ્માત થયો હતો.

## અમરનાથ યાત્રાનો પ્રારંભ : ભાવિકોની પ્રથમ બેચને રવાના કરાઈ

જમ્મુ: તા. ૨૮ જમ્મુથી બાલતાલ અને પહલગામ માટે ભકતોની પ્રથમ બેચ ને એલજી મનોજ સિંહાએ લીલીઝંડી આપી હતી.અમરનાથ યાત્રાએ આવનાર બાબા બર્ફાનીના ભકતોની પ્રથમ બેચ જમ્મુના બેઝ કેમ્પ ભગવતી નગરથી બાલતાલ અને પહેલગામ માટે રવાના થઈ ગઈ છે. અમરનાથ યાત્રા આવતીકાલથી યાત્રા શરૂ થશે. અગાઉ જમ્મુના સરસ્વતી ધામમાં બુધવારથી તાત્કાલિક નોંધણી માટે ટોકન આપવાનું શરૂ થઈ ગયું છે. જમ્મુ અને કાશ્મીરના એલજી મનોજ સિંન્હા દ્વારા આજે સવારે જમ્મુના અમરનાથ યાત્રા બેઝ કેમ્પથી અમરનાથ યાત્રિકોની પ્રથમ બેંચને ફલેગ બતાવી રવાના કરવામાં આવી હતી.

## ૧૦ વર્ષ બાદ ટીમ ઈન્ડીયા ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલમાં : દ.આફ્રિકા સામે આખરી જંગ

ગુયાના, તા. ૨૮

ગઈકાલે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ટી-૨૦ વર્લ્ડ કપની સેમી ફાઈનલ મેચમાં વરસાદના વિઘ્ન વચ્ચે ટીમ ઈન્ડિયાએ લગાન વસુલ કર્યુ હોય તેમ અંગ્રેજોને હરાવીને ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. હવે શનિવારે ટીમ ઈન્ડિયા દ.આફ્રિકા સામે ટકરાશે.

ભારત સતત ત્રીજી આઈસીસી ટુર્નામેન્ટના ફાઈનલમાં પહોંચ્યુ છે. ટેસ્ટ, વન-ડે અને હવે ટી-૨૦ વર્લ્ડ કપના ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. ટી-૨૦માં ભારત ત્રીજી વખત ફાઈનલમાં પહોંચ્યુ છે.

૧૦ વર્ષ બાદ ટીમ ઈન્ડિયા ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી છે. ભારતીય ટીમે ત્રીજી વખત ફાઈનલમાં જગ્યા બનાવી છે. ભારતે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડને ૬૮ રનથી હરાવ્યું હતું. આ સાથે રોહિત શર્માની કેપ્ટનશિપની ટીમે ૨૦૨૨ ટી-૨૦ વર્લ્ડ કપમાં મળેલી હારનો બદલો પણ લઈ લીધો છે. ટીમ છેલ્લે ૨૦૧૪માં ફાઈનલમાં પહોંચી હતી.

### જોર કા ઝટકા ધીરેસે....
## જિયો - એરટેલે તેના ટેરીફ પ્લાનમાં ૨૧ થી ૨૫ ટકા સુધીનો વધારો ઝીંકયો

નવી દિલ્હી તા. ૨૮

કરોડો મોબાઈલ ફોન ગ્રાહકો માટે ચૂંટણી બાદ વધુ એક ખરાબ સમાચાર આવ્યા છે. રિલાયન્સ જિયોએ તેના જુદા જુદા રીચાર્જ પ્લાનમાં ૧૨.૫ ટકાથી ૨૫ ટકા અને એરટેલે ૧૦ થી ૨૧ ટકાનો વધારો જાહેર કર્યો છે. તા.૩ જુલાઈથી જિયો નવા દર લાગુ કરશે. જેમાં સૌથી સસ્તો ૧૫૫ રૂપિયાનો પ્લાન ૨૨ ટકા વધારા સાથે હવે ૧૮૯નો થશે. ભાવ વધવા છતાં કોલ મીનીટ, ડેટા એલાઉન્સ એટલા જ મળવાના છે. ૧૪ પ્રિપેડ અનલીમીટેડ પ્લાન, ૩ ડેટા એડ ઓન પ્લાન અને ૨ પોસ્ટપેડ પ્લાનમાં આ વધારો લાગુ થવા જઈ રહ્યો છે.

જિયો બાદ ભારતી એરટેલ અને વોડાફોન આઈડિયા પણ જુલાઈમાં તેમના રિચાર્જ પ્લાનને મોંઘા કરવાના છે. રિલાયન્સ જિયો પછી ભારતની બીજી સૌથી મોટી ટેલિકોમ ઓપરેટર ભારતી એરટેલે મોબાઈલ ટેરિફમાં ૧૦ ટકા-૨૧ ટકા વધારો કરવાની જાહેરાત કરી છે. સુનીલ ભારતી મિત્તાલની ટેલિકોમ કંપનીએ કહ્યું કે તે ૩ જુલાઈ, ૨૦૨૪થી મોબાઈલ ટેરિફમાં સુધારો કરશે.

## દેશમાં આગામી વર્ષોમાં ગેરકાયદેસર ઓનલાઈન જુગાર ૩૦ ટકાનાં દરે વધશે

નવી દિલ્હી તા. ૨૮ : નવા અભ્યાસ મુજબ, ગેરકાયદેસર સટ્ટાબાજીનું બજાર, ભારતમાં પહેલેથી જ ખીલી રહ્યું છે, જે આગામી વર્ષોમાં ૩૦ ટકા વધવાની ધારણા છે. કાયદેસર ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ્સ માટે અપૂરતું કાનૂની માળખું, પસંદગીયુક્ત પ્રતિબંધ અને ઉચ્ચ કરવેરા આ વલણમાં ફાળો આપતા મુખ્ય પરિબળો હોવાનું જણાય છે. અપૂરતું કાનૂની માળખું, પસંદગીયુકત પ્રતિબંધ તેમજ કાયદેસર ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ પર ઉચ્ચ કરવેરા ભારતમાં ગેરકાયદેસર સટ્ટાબાજી અને જુગારની પ્રવૃત્તિના ડ્રાઈવર તરીકે કામ કરી રહ્યા છે જે આગામી વર્ષોમાં ૩૦ ટકાના દરે વધવાની અપેક્ષા છે. દિલ્હી સ્થિત પોલિસી થિંક ટેન્ક સેન્ટર ફોર નોલેજ સોવરિન્ટી અનુસાર, ભારતમાં, નિયમનકારી નિયંત્રણો હોવા છતાં, ગેરકાયદેસર બહેતર બજાર વાર્ષિક અંદાજે ૧૦૦ બિલિયન ડોલર થાપણોમાં મેળવે છે.

## દિલ્હી ઈન્ટરનેશનલ અરેપોર્ટ પર દુર્ઘટના : ભારે વરસાદથી છત તુટી પડતા એકનું મોત


નવી દિલ્હી તા. ૨૮

દિલ્હીમાં પડી રહેલ સતત વરસાદને કારણે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ ૧ની છત તૂટી પડી હતી. આના કારણે ઘણી ટેક્સીઓ અને કાર દબાઈ ગઈ હતી. જેમાં એક વ્યકિતનું મોત થયું છે જ્યારે પાંચ લોકો ઘાયલ થયા છે. ઘાયલ લોકોને હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. વાહનોમાં ફસાયેલા લોકોને બચાવવા માટે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. દિલ્હી ફાયર સર્વિસના અધિકારીઓએ જણાવ્યું કે ટર્મિનલ-૧ની છતની શીટ સિવાય સપોર્ટ બીમ પણ તૂટી ગયો છે. જેના કારણે ટર્મિનલના પિક-અપ અને ડ્રોપ એરિયામાં પાર્ક કરેલી કારને નુકસાન થયું હતું. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એરપોર્ટ પર ત્રણ ફાયરની ગાડીઓ પહોંચી છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**જોઈએ છે... જોઈએ છે...**

અમારી એજન્સીમાં કમીશનથી ફીલ્ડ વર્ક કરી શકે તેવા નવયુવાન, એન્ડ્રોઈડ મોબાઈલ હોવો જરૂરી

: સંપર્ક :
જૂનાગઢ જીલ્લા સહ.ખ.વે.સંઘ લી.
ઈન્ડેન ગેસ
રાણાવાવ ચોક, જૂનાગઢ. ફોન : ૦૨૮૫- ૨૬૨૭૮૦૧

**સી. સી. પડદાવાળા**

● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**Angel Kids**



Every Child in the Blessing of God
PLAY HOUSE & PRE-SCHOOL
2025 ADMISSION OPEN
MINDFUL ACTIVITY SKILLS
PERSONALITY DEVELOPMENT TRAINING
CBSE PATTERN SYLLABUS
PLAY GROUP L.K.G. H.K.G
EXCEPTIONAL LEARNING METHOD
HOMELY ATMOSPHERE
CREATIVITY SKILLS
B/H. LIMDA CHOWK, SAIYEDVADA, "SAHAR", JUNAGDH
CONTECT : 91068 56924
E-mail : angelkidzpresch2023@gmail.com/

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# પોરબંદર જિલ્લા વિકાસ અધિકારી કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને રાણા વડવાળામાં શાળા પ્રવેશોત્સવ







## સરકારી શાળામાં ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે સરકારે ભગીરથ પ્રયાસો કર્યા છે: જિલ્લા વિકાસ અધિકારી કે.બી.ઠક્કર

પોરબંદર તા.૨૮

પોરબંદર જિલ્લા વિકાસ અધિકારી શ્રી કેતન ઠક્કરે જિલ્લાના રાણા વડવાળા ખાતે કન્યાશાળા અને પે સેન્ટર કુમાર શાળા ના સંયુક્ત પ્રવેશોત્સવ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે બાળકોના પાયાના શિક્ષણ માટે શ્રેષ્ઠ વ્યવસ્થાઓ ઊભી કરી છે. પહેલા કરતાં અનેક ગણી સુવિધાઓ આજે સરકારી શાળામાં છે.

શાળા પ્રવેશોત્સવને કારણે તેમજ કન્યા કેળવણીને પ્રોત્સાહન મળતા ડ્રોપ આઉટ રેશિયો ઘટીને નહિવત થયો છે. આજે તમામ સુવિધાઓ અને ગુણતાલક્ષી શિક્ષણ વ્યવસ્થા ને કારણે વાલીઓ ખાનગી શાળામાથી બાળકને સરકારી શાળામાં પ્રવેશ અપાવે છે તે આ કાર્યક્રમની સિદ્ધિ છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ શાળાઓમાં પીવાનું શુદ્ધ પાણી, ગુણવત્તાલક્ષી ભોજન, સ્માર્ટ ક્લાસ, ગુણવત્તાલક્ષી સાહિત્ય, શિક્ષણની કામગીરી પર સતત મોનિટરિંગ સહિતની વ્યવસ્થાઓ અંગે માહિતગાર કરી વાલીઓને જણાવ્યું હતું કે વાલી પણ સમયાંતરે શાળાની મુલાકાત લે અને તેમના બાળકની પ્રગતિ અંગે શિક્ષકો સાથે સંવાદ કરે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ મધ્યાન ભોજન ની ગુણવત્તા પણ ચકાસી હતી.

શાળા પ્રવેશ કાર્યક્રમમાં બાળકોએ ભાવમય પ્રાર્થના રજૂ કરી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હસ્તે તેજસ્વી બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ એક અને બાલ વાટિકા ના પ્રવેશપાત્ર બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. શાળાના પટાંગણમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હસ્તે સરગવાના વૃક્ષનું રોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અગ્રણી શ્રી ગોપાલભાઈ કોઠારી, પ્રાંત અધિકારી શ્રી પારસ વાંદા, ગામના અગ્રણીઓ એસએમસીના સભ્યો, બીઆરસી સી.આર.સી કોર્ડીનેટર ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ ડીડીઓના કડક વલણ સામે પ્રમુખ સહિતના સભ્યોની મુખ્યમંત્રીને રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ જીલ્લા પંચાયત દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં રસ્તા સહિતના ૧૬૪ કામ મંજુર કરવામાં આવ્યા છે પરંતુ જીલ્લા વિકાસ અધિકારીના કડક વલણના કારણે કોઈ એજન્સી કામ કરવા તૈયાર નથી. ગ્રામ્ય વિસ્તારમાં વિકાસ કામ ઠપ્પ થઈ ગયા છે. આ અંગે જીલ્લા પંચાયતના સભ્યોની ફરિયાદ બાદ જીલ્લા પંચાયતના પ્રમુખ તેમજ સભ્યોએ ગાંધીનગર જઈ મુખ્યમંત્રીને ડીડીઓની ફરિયાદ કરી હતી. જૂનાગઢ જીલ્લા પંચાયત દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં નોનપ્લાન, સુવિધાપથ સહિતના ૧૬૪ જેટલા કામ મંજુર કરવામાં આવ્યા હતા પરંતુ જીલ્લા વિકાસ અધિકારીના કડક વલણના કારણે કોઈ એજન્સી કામ કરવા તેયાર નથી. કર્મચારીઓ અને તાલુકાના અધિકારીઓ ફફડે છે. આ અંગે જીલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમરે જણાવ્યું હતું કે, પાંચેક માસથી ડીડીઓની કડકાઈના કારણે કામ ઠપ્પ છે. રસ્તાના કામ ઠપ્પ છે. જે કામ થયા ગ્રાન્ટ મંજુર થતી નથી. કામ થયા છે એના બિલની ચુકવણી થઈ શકતી નથી. સરપંચ તેમજ જીલ્લા પંચાયતના સભ્યોએ આ અંગે ફરિયાદ કરી હતી. જેના અનુસંધાને જીલ્લા પંચાયતના સભ્યો સાથે ગાંધીનગર મુખ્યમંત્રીને મળી ડીડીઓ નિતીન સાંગવાન વિશે રજુઆત કરી હતી. જેના પ્રત્યુતરમાં મુખ્યમંત્રીએ યોગ્ય કરવા ખાતરી આપી હતી. આ અંગે જીલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાનનો સંપર્ક કરતા તેણે જણાવ્યું હતું કે, મારો મોટાભાગનો કાર્યકાળ આચારસંહિતામાં ગયો છે. આ સમય દરમ્યાન તો કોઈ કામ થયા ન હતા. બાકી નિયમ મુજબ કામગીરી કરવામાં આવે છે. પ્રમુખ અને સભ્યોએ ફરિયાદ કરી હોય એની મને જાણ નથી. આમ, જૂનાગઢ જીલ્લા પંચાયતના અધિકારી અને પદાધિકારી વિકાસ કામના નામે સામસામે થઈ ગયા છે. ત્યારે આગામી સમયમાં મુખ્યમંત્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે એ જોવું રહ્યું.

# ભવનાથ તળેટી ખાતે ગુજરાત એમ્પોરીયમ શો રૂમનું ઉદ્ઘાટન




જૂનાગઢ તા.૨૮

ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ ખાતે ગુજરાત એમ્પોરીયમ શોરૂમનું ઉદઘાટન કરવામાં આવેલ હતું. ધી ગુજરાત રાજય હેન્ડલુમ હેન્ડીક્રાફટ અને ઔદ્યોગીક સહકાર ફેડરેશન લી દ્વારા ભવનાથ તળેટી ખાતે ગુજરાત એમ્પોરીયમનું ઉદઘાટન ધારાસભ્ય સંજય કોરડીયા હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ડો.ડી.પી. ચીખલીયા, ડોલરભાઈ કોટેચા, જેઠાભાઈ પાનેરા, હમીરભાઈ ધુળા, બટુકભાઈ મકવાણા, યોગીભાઈ પઢીયાર સહિત શહેરીજનોની ઉપસ્થિતીમાં કાર્યક્રમ યોજાયેલ તેમ જીતુભાઈ ગુજરાત એમ્પોરીયમના સંચાલક જીતુભાઈ મણવરની યાદીમાં જણાવેલ છે.

# સોમનાથ રેલ્વે સ્ટેશન રી-ડેવલોપમેન્ટ સાવ ધીમી ગતિએ : કામગીરી ઝડપથી પુર્ણ કરવા માંગ

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૮

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે દર્શન યાત્રાએ અવર જવર માટેનું રેલ્વે સ્ટેશન છેલ્લા બે વર્ષથી રીડેવલોપમેન્ટ થતું હોવાના કારણે સાવ બંધ છે. પ્રવાસીઓ તેમજ યાત્રીકોને વેરાવળ રેલ્વે સ્ટેશન ઉતરી સોમનાથ આવવું પડે છે. જેમાં મો માંગ્યા, આડેધડ રીક્ષા કે વાહન ભાડા ખર્ચીને સોમનાથ આવવું પડે છે. રેલ્વે સ્ટેશનનું નિર્માણ સાવ ધીમી અને ગોકળ ગાય ગતિએ ચાલે છે. તદઉપરાંત થનારૂ રેલ્વે સ્ટેશન ભલે કદાચ ભવ્ય બનશે પરંતુ જયાં સુધી સોમનાથ રેલ્વે સ્ટેશન સુધી ડબલ ટ્રેક પાટા નહીં બીછાવાય ત્યાં સુધી રેલ્વે કોઈ લાંબા અંતરની કે વધુ ટ્રેનો આપી શકશે નહી. માત્ર થોડી ટ્રેન આપી કાર્ય પુર્ણ કર્યાનો સંતોષ માની લેશે. માટે રેલ્વે તંત્રએ આ અંગે ઘટતું કરી યાત્રીકો માટે સુવિધા વધારવા જરૂરી છે. આ ઉપરાંત સોમનાથ રેલ્વે રિઝર્વેશન બુકીંગ બારી નજીક વેરાવળથી ઉપડતી ટ્રેનોનું સમય પત્ર હિન્દી અને ગુજરાતી ભાષામાં લગાવવું ખાસ જરૂરી છે.

# કેશોદમાં યુવકનું શંકાસ્પદ હાલતમાં મૃત્યું : બાથરૂમમાંથી બેભાન અવસ્થામાં મળી આવ્યો


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

કેશોદ આંબાવાડી વિસ્તારમાં કાપડની દુકાનમાં નોકરી કરતો અને ગોપાલનગરમાં તેના મોટા બાપા મનસુખભાઈ સાથે રહેતો યશ રાજેશભાઈ ધામેચા(ઉ.વ.૨૩) અળધા દિવસની નોકરી પુરી કરી બપોરે જમવા ઘરે આવ્યો હતો. ત્યારે તેમના પરિવારને યુવક બાથરૂમમાં શંકાસ્પદ રીતે બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. યુવકને સરકારી હોસ્પિટલમાં ખસેડાતાં તેનું મોત થયાનું ડોકટરે જાહેર કર્યું હતું. પોલીસે તપાસ કરતાં યુવકના મોતના સ્થળે એક કપડાનો ટુકડો તેમજ લોહીના દાગના નિશાન મળી આવ્યાં હતાં. જો કે પરિવારે બાથરૂમમાં બેભાન મળી આવેલ યુવકના ગળા ફરતે આ કપડાનો ટૂંકડો વિંટળાયેલો હોય તેવું જણાવતાં પોલીસે તે દિશા તરફ તપાસ ધરી યુવકના પોસ્ટમોર્ટમ સહિત કાર્યવાહી હાથ ધરી છે.

# ડિમોલીશન સામેનાં વિરોધમાં ગીરગઢડા રોષપૂર્ણ સજજડ બંધ

## ગૌચરની જમીનો પર ખડકાયેલી ૩૦ દુકાનોના ડીમોલીશન બાદ અન્ય દબાણો હટાવવા કલેકટરે આદેશ આપતા ગ્રામજનોમાં ભભૂકી ઉઠયો રોષઃ લડતના મંડાણ



ઉના ,તા.૨૮

ગીરગઢડા ગામે કલેકટરના આદેશ બાદ ડિમોલીશન બાદ અન્ય સરકારી જામીન ખુલ્લી કરાવવા ગાંધીની આગેવાનીમાં રેલી યોજી આવેદન પત્ર આપ્યા બાદ તંત્રની અતિક્રમણની નિતી સામે આજે ગીરગઢડા ગામ સજજડ બંધ રહ્યું છે. ગીરગઢડાગામે ઉના જામવાળા રોડ ઉપર ગેર કાયદેસર સરકારી જમીનમાં થયેલાં દબાણો અને ગૌશાળા ટ્રસ્ટ દ્વારા સ્મશાન વિકાસ સમિતિ નામે ગૌચરની જમીનમાં ૩૦દુકાનોપાકી બનાવી ગેરકાયદેસર રીતે કરોડો રૂપિયા ની કીમત વેચાણ કરી નાંખતા આ બાબતે કલેકટર સમક્ષ રજુઆત થતાં છેલ્લા પાંચ વર્ષથી કલેકટર નાયબ કલેકટર અને મામલતદાર દ્વારા નોટીસ વારંવાર આપવા છતાં રાજકીય દબાણને કારણે ગેર કાયદેસર દુકાનો નાં દબાણ ખાલી નહીં કરાતાં આખરે ગીર સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વિજય સિંહે જાડેજા આવતાં ગીરગઢડા ની મુલાકાત લીધી હતી અને ઉના જામવાળા રોડ પર આવેલ સેવાસદન નજીક તેમજ નેશનલ માર્ગ નાં માર્જિન માં આવતી ૨૦૦ જેટલાં દબાણો અને ગીરગઢડા ખાતે આવેલી ગૌચર જમીન માં ગૌશાળા ટ્રસ્ટ એ ૩૦ જેટલી દુકાનો રોડ ઉપર બનાવી તેની તપાસ જાતે નિરીક્ષણ કર્યા બાદ ગ્રામજનો ની મીટીંગ યોજી ૨૪ કલાક માં દબાણો હટાવી લેવા કડક આદેશ આપતાં ભારે રોષ ફેલાયો હતો દબાણો કરનારાં લોકો એ સ્વૈચ્છિક રીતે દબાણો દૂર કરવા લાગ્યા હતા અને વિજ કનેક્શન પણ કાપી નાંખતા લોકો નો આક્રોશ ભભુકતા બંધ પાળ્યો હતો. ઊના પ્રાન્ત અધિકારી ચિરાગ હિરવાણીયા અને મામલતદાર વાળા તેમજ તાલુકા વિકાસ અધિકારી આર એમ ડી વિભાગ અને પીએસઆઈ જગદીશ ડાંગર સહિત નો મોટો પોલીસ કાફલો ઘટનાસ્થળે હાજર રહીને ડીમોલેશન ની કામગીરી હાથ ધરી હતી જેસીબી દ્વારા ૨૦૦થી વધું કોમોસિયલ દબાણો સ્વૈચ્છિક રીતે હટાવી લેવા અને માલસામાન ખાલી કરવાં લાગ્યાં હોવાં છતાંય તંત્ર દ્વારા આક્રમણ કરાતાં ગ્રામજનો માં ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ થયાં હતાં. ગૌચર ની જમીન માં ૩૦ દુકાનો તોડી નાખતા ભારે હાહાકાર મચી ગયો હતો અને અન્ય દબાણો દુર કરવા કલેકટર દ્વારા મુદત આપવા ની માંગણી સાથે બપોર બાદ વિશાળ સંખ્યામાં રેલી કાઢી ગીરગઢડા મામલતદાર ને રોષ પુર્વક આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હતી. ઊના ગીરગઢડા જામવાળા રોડ પર આવેલાં ૨૦૦ કોમસિયલ દબાણો સ્વૈચ્છિક રીતે લોકો એ માલસામાન લઈ ગયાં છે તે દબાણો દુર થઈ ગયાં છે રહેણાંકી વિસ્તારમાં ડીમોલેશન ની કોઈ પ્રકારની કાર્યવાહી કરાશે નહીં તેવું નાયબ કલેકટર ચિરાગ હિરવાણીયા એ જણાવ્યું હતું કલેકટરની સુચનાઓ થી આડેધડ ડીમોલેશન થતું હોવાની રજૂઆત ગ્રામજનો આગેવાનો અને કાર્યકરો દ્વારા આવતાં સ્થળ મુલાકાત કરી છે સરકાર સમક્ષ રજૂઆત કરીશું લોકો દ્વારા સ્વૈચ્છિક દબાણો હટાવતા હોય ત્યારે તંત્ર દ્વારા સહયોગ આપવા અને હાલ કોઈ રસ્તા ની કામગીરી શરૂ કરી નથી ત્યારે બીન જરૂરી દબાણો અટકાવીને લોકો ને રોજીરોટી મળી રહે તેવી વ્યવસ્થા તંત્ર એ કરવી જોઈએ તેવું ધારાસભ્ય કાળુભાઇ રાઠોડ એ જણાવ્યું હતું. તંત્રએ ટુંકી મુદત આપી ડીમોલેશન શરૂ કરવા ની તંત્ર એ શરૂઆત કરી છે લોકો સ્વૈચ્છિક રીતે દબાણો હટાવી લેતાં હોય ત્યારે અતિરેક દુઃખદ બાબત છે માનવંતા વાદી અભિગમ અપનાવવા અને લોકો નો રોષ શાંત કરવો જોઈએ તેમ પૂર્વ સરપંચ રાજુભાઈ પટેલે જણાવ્યું છે.ચેમ્બર પ્રમુખ મુકેશભાઈ ગાંધીની આગેવાનીમાં વેપારીઓએ સજજડ બંધ પાળ્યો હતો.

# કેશોદ સરકારી દવાખાનાના દરવાજા પાસે પતરાં નાખી દબાણ કરતાં દુર કરવા રજુઆત




(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૮

કેશોદ સરકારી દવાખાનાના દરવાજા પાસે માટલા કુડા જેવાં માટીના વાસણો વેચતાં પથારાવાળા ફેરિયા દ્વારા લોખંડના પાઈપ ખોડી સરકારી દવાખાના ની દિવાલમાં ખોડી માથે પતરાં ફીટ કરી દબાણ કરતાં ટ્રાફિકને અડચણરૂપ અને જીવલેણ આકસ્મિક ઘટના થવાની સંભાવના વધી જતાં કેશોદ હિતરક્ષક સમિતિના કન્વીનર રાજુભાઈ પંડ્યાએ લેખિતમાં નગરપાલિકા કચેરી, પોલીસ સ્ટેશન અને સબ ડિસ્ટ્રિક્ટ સિવિલ હોસ્પિટલના જવાબદાર અધિકારીઓને ફરિયાદ કરી કોઈ નિર્દોષ વાહનચાલક કે રાહદારી આકસ્મિક ઘટનાનો ભોગ બને તે પહેલાં લગાવવામાં આવેલાં પતરાં દુર કરવા માંગણી કરી છે. કેશોદના ચારચોક વિસ્તારમાં અંડર બ્રીજ બનતાં સર્વિસ રોડ પરથી ભારે વાહનો પસાર થઈ શકે એટલી જગ્યા ન હોવાથી ના છુટકે ભારે વાહનો પોલીસ લાઈન પાસેથી સરકારી દવાખાને થઈને માંગરોળ રોડ પર આવતા જતાં હોય છે ત્યારે વળાંક પર લગાવવામાં આવેલાં પતરાં વાહનો વળાવવામા અડચણરૂપ થાય છે અને સામસામે બે વાહનો આવે તો ટ્રાફિક જામ થાય છે. સરકારી દવાખાને દર્દીઓને સારવાર માટે લાવવા મુકવા એમ્બ્યુલન્સ આવતી જતી હોય છે ત્યારે ટ્રાફિક જામમાં એમ્બ્યુલન્સ અટવાઈ જતાં સમયસર સારવાર ન મળે તો નિર્દોષ દર્દીને જીવ ગુમાવવો પડે તો નવાઈ નહિ લાગે. કેશોદ હિતરક્ષક સમિતિના કન્વીનર રાજુભાઈ પંડ્યા દ્વારા કેશોદ સિવિલ હોસ્પિટલ ફરતે સાયલન્ટ ઝોન જાહેર કરવા માંગણી કરી છે.

# દ્વારકાના અરબી સમુદ્રના પાણીમાં ભારે કરંટ




## ગોમતી ઘાટો પર ચુસ્ત પોલીસ બંદોબસ્તઃ સહેલાણીઓને જોખમી સ્થળોએથી હટાવતી પોલીસ

દ્વારકા તા.૨૮

ચોમાસાની આખરની સીઝનમાં વરસાદી માહોલમાં અરબી સમુદ્રના પાણીમાં સામાન્યતઃ ભારે કરંટ જોવા મળતો હોય છે હાલમાં અરબી સમુદ્રના પાણીના પ્રવાહોમાં ભારે કરંટ હોય દ્વારકાના મોજાઓ ઉછળી રહ્યા હોય જેના સંભવિત ખતરાથી અજાણ સહેલાણીઓ ગોમતી ઘાટો પર મોજામાં ભિંજાતા હોય જે કારણે ગઈકાલે બે યાત્રિકો ધાયલ થયાના મીડિયા અહેવાલો વહેતા થયા બાદ આજે તંત્ર એક્શન મોડમાં જોવા મળ્યું હતું. જિલ્લા પાન્ડેની સૂચનાથી ગોમતી ઘાટ પર સહેલાણીઓને જવા મનાઈ ફરમાવવામાં આવી છે જે બાદ પોલીસે ખતરાથી અજાણ સહેલાણીઓને સમુદ્રના જોખમી બનેલા પ્રવાહને લીધે જોખમી ગોમતી ઘાટો પરથી દૂર કર્યા હતા. અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગઈકાલે વરસાદી વાતાવરણને લીધે એનડીઆરએફ ની ટીમે ગોમતી ઘાટ તથા આસપાસના વિસ્તારોમાં દર્શનાર્થેઓ તેમજ સ્થાનિકોને ઉછળતા મોજાઓથી દૂર રહેવા લાઉડસ્પીકર ની મદદથી સૂચના તથા સમજ આપવામાં આવી હતી.

# શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિ હિત વર્ધક મંડળ જોષીપરા ખાતે અષાઢી બીજ ઉજવણીનુ થયેલું અનેરૂ આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિ હિત વર્ધક મંડળ જોષીપરા ખાતે અષાઢી બીજ ઉજવણીનું અનેરૂ આયોજન કરવામાં આવ્યું છે.

જૂનાગઢ શહેર રહેતા આ સંસ્થામાં સમાવિષ્ટ જોષીપુરા, આદર્શનગર, ઝાંઝરડા રોડ, ૬૬ કેવી, સુખનાથ, દુબળી, કડીયાવાડ, પંચેશ્વર તથા જોષીપુરાના વિકસિત નવી સોસાયટીઓઆ સંસ્થામાં ભળતા તમામ વિસ્તારના જ્ઞાતિના બાળકોને ઉચ્ચ અભ્યાસમાં સારા ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનું હોય તેથી s.s.c/ HSC તથા સ્નાતક, અનુ સ્નાતક, તમામ ફેકલ્ટી, મેડિકલ, ઈજનેરી સહિત માં ફાઈનલ(છેલ્લા) વર્ષમાં ચાલુ વર્ષે પાસ થયેલ હોય તેમના માર્ક વાઈઝ ૧, ૨, ૩ને યોગ્ય પુરસ્કાર સન્માનિત કરવા માટેનું આયોજન તા.૭-૭-૨૪ના રવિવારને અષાઢી બીજના સાંજના ૫ વાગ્યે રાખવામાં આવેલ છે. તો આ સંસ્થામાં સમાવેશ થતા વિસ્તારના રહેતા વિદ્યાર્થીઓએ પોતાના માર્કસીટની ખરી નકલ તા.૫-૭-૨૪ સુધીમાં શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિ હિત વર્ધક મંડળ, જોષીપુરા, શાંતેશ્વર રોડ, જૂનાગઢ સંસ્થાએ પહોંચતા કરવા આથી દરેક જ્ઞાતિજનોને જણાવવામાં આવે છે.

માર્કશીટની કોપી નિયત સમય દરમ્યાન પહોચાડવાની રહેશે. ત્યાર પછી સ્વીકારવામાં આવશે નહીં તેની દરેકે નોંધ લેવા યાદીના અંતે જણાવેલ હતું.

### ત્રિ દિવસીય શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે

# શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનેસેરીયાની અધ્યક્ષતામાં કેશોદનાં રાણીંગપરા શાળામાં પ્રવોશોત્સવ યોજાયો

**શિક્ષણથી જીવનને દિશા મળે છે : સરકારી શાળાઓમાં શિક્ષણની શ્રેષ્ઠ વ્યવસ્થા : મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા**






જૂનાગઢ, તા.૨૮

કેશોદ તાલુકાની રાણીંગપરા પ્રાથમિક શાળા ખાતે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનેસરીયા દ્વારા બાલ વાટિકાના ૨૨ બાળકો અને આંગણવાડીના ૧૬ એમ કુલ ૩૮ બાળકોને કુમકુમ તિલક અને વર્ગખંડ કીટ આપીને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. રાણીગપરા ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલા શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૪ અંતર્ગત વધારેમાં વધારે બાળકો શાળામાં પ્રવેશ કરે તે હેતુથી ૨૦૦૩થી શરૂ થયેલ શાળા પ્રવેશોત્સવ સ્માર્ટ કલાસ, આધુનિક શિક્ષણ વ્યવસ્થા, ભાર વિનાનું ભણતર, ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ વગેરેને કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓ શિક્ષણ પ્રત્યે ખુબ જ જાગૃતતા આવી છે.

કેશોદના રાણીગપરા ગામનીશાળાની વિદ્યાર્થીની દેવધારિયા મિત્તલબેનએ સ્વાસ્થ્ય અને પર્યાવરણ પર વકતવ્ય આપ્યું હતું, તેમજ મેરૂડા હાર્દિકભાઈએ વિજ્ઞાન અને ટેકનોલોજી પર વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ રાજ્ય શિક્ષણ મંત્રી પફુલભાઈ પાનેસરીયા દ્વારા શિષ્યવૃત્તિની પરીક્ષામાં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓનું અને વાર્ષિક પરીક્ષામાં અવ્વલ નંબર મેળવનાર વિદ્યાર્થીઓનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું ઉદબોધન કરતા મંત્રીએ જણાવ્યું હતું કે શિક્ષણ વગરનું જીવનએ સમુદ્રમાં પડેલી દિશા વિહીન નાવ સમાન છે જેને કોઈ રસ્તો મળતો નથી. શિક્ષણથી જીવનને દિશા મળે રાજ્ય સરકાર દ્વારા સરકારી શાળાઓમાં શિક્ષણની તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે તેમ કહ્યું હતું.શાળા એ મંદિર જ છે તેથી શાળા પરિસરમાં કોઈએ વ્યસન કરવું નહીં. શિક્ષકોને પણ માર્ગદર્શન આપ્યું હતું. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ તેમજ જિલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહભાઈ વાઢેળ સહિતના અધિકારીઓ ? અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદના ઈન્દિરાનગર પ્રાથમિક શાળા ખાતે બાળકોને પુસ્તકો આપી શાળા પ્રવેશ કરાવ્યો

**શિક્ષકોની સાથે સાથે વાલીઓ પણ બાળકોના શિક્ષણ પ્રત્યે જાગૃત રહે : શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનેસરીયા**









જૂનાગઢ, તા ૨૮

જુનાગઢ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે કેશોદની ઈન્દિરા નગર પ્રાથમિક શાળા, નાનાભાઈ ભટ્ટ પ્રાથમિક શાળા અને સિધ્ધાર્થ હાઈ સ્કૂલ, સરકારી એલ.કે. હાઈ સ્કૂલ, હઠીસિંહજી વિનય મંદિર, શારદા વિનય મંદિર, રાજ મહેલ પ્રાથમિક શાળા કેશોદના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં બાલ વાટિકામાં ૧૧૦ તેમજ ધોરણ ૧ અને ૯ માં ૨૨૬ એમ કુલ ૩૩૬ વિદ્યાર્થી ભાઈઓ બહેનોનો શાળા પ્રવેશ કરાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, સરસ્વતી વંદના કરી શાળાના બાળકોએ પુસ્તકો ભેટ આપી ઉપસ્થિત તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ જીજ્ઞાશાબેન મકવાણાએ બેટી બચાવો, બેટી પઢાઓ વક્તવ્ય આપ્યું હતું. તેમજ શાળાની વિદ્યાર્થિની ડિમ્પલ ઉસદડીયાએ સ્વચ્છતા ત્યાં પ્રભુતા વિશે વક્તવ્ય આપ્યું હતું.

ત્યાર બાદ શિષ્યવૃત્તિ પરીક્ષા, જ્ઞાન સાધના પરીક્ષા, નૃત્ય કળા, આર.બી.આઈ. ક્વિઝ સ્પર્ધા, શાળાની વાર્ષિક પરીક્ષામા અવ્વલ આવેલ વિદ્યાર્થીઓ તેમજ શાળામાં ૧૦૦% હાજરી હોઈ તેવા વિદ્યાર્થીઓનું પ્રમાણપત્ર આપી સન્માન કર્યું હતું. મંત્રીએ ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું કે પાછળના વર્ષોમાં પ્રાઈવેટ શાળા માથી સરકારી શાળામાં ૨ લાખ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે, એ ખૂબ જ ગર્વની વાત છે. ગુજરાત સરકાર દ્વારા અંદાજિત ૫૦,૦૦૦ સ્માર્ટ કલાસ બનાવવામાં આવશે તેમજ જરૂરિયાત મુજબ શાળાનું નવું બિલ્ડિંગ પણ બનાવવામાં આવશે. અત્યારે શાળામાં સ્માર્ટ ક્લાસ શરૂ થઈ ગયા છે અને હજુ વધારે સંખ્યામાં કાર્યરત થશે.

શિક્ષા વગરનું જીવન એ પશુ સમાન જીવન છે, તેથી કોઈ પણ બાળક શિક્ષા વગરનું ન રહી જાય તે આપણા સૌની જવાબદારી છે, ઉચ્ચ નીચના ભેદ-ભાવથી દૂર રહી સર્વ શિક્ષા અભિયાનને સાર્થક કરવા તેમજ સમાજને-દેશને જાગૃત બનાવવા અનુરોધ કર્યો હતો. શાળાની મુલાકાત લીધા બાદ વૃક્ષારોપણ કરી કાર્યક્રમનું સમાપન થયું હતું. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ તેમજ જિલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહભાઈ વાઢેળ સહિતના અધિકારીઓ? અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વંથલીના સાંતલપુર ગામે શાળા પ્રવેશોત્સવમાં કલેકટર અનિલકુમાર રાણાવસિયાની પ્રેરક ઉપસ્થિતિ

**પુસ્તકની સાથે પ્રેક્ટીકલ જ્ઞાન ઉપર પણ શિક્ષકો ભાર મૂકે : કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા**







જૂનાગઢ, તા.૨૮

જુનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે જૂનાગઢના કલેકટર અનિલકુમાર રાણા વસિયાએ વંથલી તાલુકાના સાંતલપુર ગામની મુલાકાત લઈ ગામની પ્રાથમિક શાળામાં તેઓ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

કલેકટરે અહીં શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ધોરણ ૧ અને બાલવાટિકાના બાળકોને પ્રવેશ આપ્યો હતો. શાળાઓમાં ઉમંગ અને આનંદના વાતાવરણ વચ્ચે બાળકોમાં પણ ખુશી જોવા મળી હતી.કલેક્ટરે બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરી તેમના ઉજવળ ભવિષ્યની શુભકામના પાઠવી હતી.

અહીં વાલીઓને સંબોધતા કલેક્ટર એ કહ્યું કે વાલીઓ પણ શાળાઓની મુલાકાત લે અને તેમના બાળકોની શીખવાની ધગશ કેળવાય અને જરૂરી માર્ગદર્શન અંગે શિક્ષકો સાથે સંવાદ કરે. કલેક્ટરે શિક્ષકોને જણાવ્યું હતું કે પુસ્તકના જ્ઞાનની સાથે સાથે બાળકોને પ્રેક્ટીકલ જ્ઞાન મળે એ માટે પણ આયોજન કરીને કાર્ય શાળા ગોઠવવા જણાવ્યું હતું. એક વખત બાળકો ગ્રામ પંચાયતની -આરોગ્ય કેન્દ્રની ગામના વૃક્ષો, ખેતરો અને પર્યાવરણ વિશે રૂબરૂ મુલાકાત અને કામગીરી અંગે જાણે તે માટે પણ અનુરોધ કર્યો હતો. શાળામાં તેજસ્વી વિદ્યાર્થીઓનું કલેકટરના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. વાલીઓ સાથે પણ સંવાદ કરી સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

# વંથલીના નવલખી ગામે શાળામાં બાળકોને પ્રવેશ અપાવતા કલેકટર અનિલકુમાર રાણાવસિયા

**વંથલીના લાયન્સ નગર પ્રાથમિક શાળામાં પણ કલેક્ટરની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો**





જૂનાગઢ, તા. ૨૮

જુનાગઢ જિલ્લામાં સરકારી શાળાઓમાં આજે બીજા દિવસે શાળા પ્રવેશોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. વંથલી તાલુકાના નવલખી અને વંથલીના લાયન્સ નગર પ્રાથમિક શાળામાં કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.

કલેકટરે નવલખી ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશપાત્ર બાલવાટિકા અને ધોરણ એકના બાળકોને આવકાર્યા હતા. કુમકુમ તિલક સાથે બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ભૂલકાઓને શાળા પ્રવેશ કાર્યક્રમમાં વાલીઓ પણ સહભાગી થયા હતા.

શાળાઓમાં કાર્યક્રમનું સંચાલન શાળાની વિદ્યાર્થીની બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. તેજસ્વી વિદ્યાર્થીઓનું કલેકટરશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વાલી અને શિક્ષકોને સંબોધતા કલેકટરે જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા શાળાઓમાં શિક્ષણની શ્રેષ્ઠ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સાહિત્ય તેમજ શુદ્ધ પીવાનું પાણી નવા શૈક્ષણિક ભવનો સાથે સ્માર્ટ ક્લાસ સહિત ટેકનોલોજીનો ઉપયોગ કરીને શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે.

કલેકટરે આ તકે કહ્યું કે મોબાઈલથી બાળકની વિચાર શક્તિ પર રોક આવે છે. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિ અને તેમને ગમતા વિષયો રસ કેળવીને તેમની શ્રેષ્ઠ કારકિર્દીને ઉજાગર કરવામાં પાયાનું શિક્ષણ અને શિક્ષકોની ભૂમિકા મહત્વની છે. આ શક્તિ અને ક્ષમતાઓને બહાર લાવવાનું કર્તવ્ય શિક્ષકોનું છે. વાલીઓ પણ શાળાની મુલાકાત લે અને બંને સાથે મળીને શ્રેષ્ઠ નાગરિક ઘડતર કરે તેવો અનુરોધ કર્યો હતો. શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં પ્રવેશોત્સવના કાર્યક્રમમાં શાળાના આચાર્ય,એસએમસીના સભ્યો, વાલીઓ,ગામના સરપંચ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ભેંસાણના વિશળ હડમતીયા ખાતે શાળા પ્રવેશોત્સવમાં ઉપસ્થિત રહેતા આરોગ્ય વિભાગના ઉપસચિવ





જૂનાગઢ તા.૨૭

ભેંસાણ તાલુકાના વિશળ હડમતીયા ખાતે શાળા પ્રવેશોત્સવમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉપસચિવ વિષ્ણુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વિશળ હળમતીયા પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ને પ્રવેશ આપી સ્વાગત કરી આગેવાનોની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં ઉપ સચિવ શ્રીના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# મેંદરડા તાલુકાના મોટી ખોડીયાર ગામની શાળા ખાતે બાળકોને પ્રવેશ અપાવ્યો

**જીવન ઘડતર માટે શિક્ષણ અનિવાર્ય : જૂનાગઢ જીલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર**



જૂનાગઢ, તા. ૨૮

મેંદરડા તાલુકાના મોટી ખોડીયાર પ્રાથમિક શાળા અને ગાયત્રી વિદ્યાલય શાળાનો સયુંક્ત શાળા પ્રવેશોત્સવ જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમની શરુઆત ઉપસ્થિત મહેમાનોનું પુસ્પગુચ્છથી સ્વાગત કરી કરવામાં આવી હતી,ત્યાર બાદ પોતાના શૈક્ષણિક જીવનની શરુઆત કરનાર બાળકોનો જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર દ્વારા પુસ્પગુચ્છ આપી શાળા પ્રવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ખોડીયાર પ્રાથમિક શાળામાં ૧૭ બાળકોનો બાલ વાટીકામાં પ્રવેશ કરવામાં આવ્યો હતો. તેમજ ૩૬ વિદ્યાર્થીઓનો ગાયત્રી વિદ્યાલયમાં પ્રવેશ કરવામાં આવ્યો હતો.

હરેશભાઈ ઠુંમરે પોતાના શાબ્દીક ઉદ્‌બબોધનમાં જણાવ્યું હતું કે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણ ખુબ જ જરુરી છે. તેથી કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તેની જવાબદારી આપણા સૌની છે. બાળક શિક્ષીત હશે તો દેશ-સમાજનો વિકાસ ઝડપથી થશે. જ્ઞાનથી પર આ જગતમા કાઈ છે જ નહી જેથી દરેક બાળકે પુરા ખંતથી શિક્ષણ મેળવવુ જોઈએ. તે સાથે બાળકોના પોતાના ઉજ્જવળ ભવિષ્યની શુભકામના આપી હતી. આ પ્રસંગે ગામના સરપંચ મુકાશભાઈ કાછડિયા, તાલુકા પંચાયત સભ્ય અનિરુદ્ધસિંહ શેખવા, સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી કૃષ્ણકાંતભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને કેરાળા, ભિયાળ અને વડાલ ગામે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો








જૂનાગઢ, તા.૨૮

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ – ૨૦૨૪ અંતર્ગત જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ ગ્રામ્ય તાલુકાના કેરાળા, ભિયાળ, અને વડાલ ખાતે આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં જિલ્લા વિકાસ અધિકારી નિતીન કુમાર સાંગવાને અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહી બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો.

શ્રી રામકૃષ્ણ પ્રથમિક શાળા, કેરાળામાં આંગણવાડી, બાલવાટીકા અને ધોરણ – ૧માં કુલ મળીને ૧૮ બાળકો તેમજ શ્રી ભિયાળ પ્રાથમિક શાળામાં આંગણવાડી, બાલવાટીકા અને ધોરણ – ૧માં કુલ મળીને ૨૯ બાળકો તેમજ શ્રી વડાલ કુમાર પ્રાથમિક શાળામાં આંગણવાડી, બાલવાટીકા અને ધોરણ – ૧માં કુલ મળીને ૪૦ બાળકોએ તેમજ એ.જી.દોમડીયા માધ્યમિક શાળા વડાલમાં ધોરણ – ૯માં ૧૧૩ વિદ્યાર્થીઓ અને ધોરણ – ૧૧માં ૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા શાળામાં બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે વ્યવસ્થાઓ કરવામાં આવી છે.શાળામાં અભ્યાસ કરતા બાળકોની પ્રગતિ તથા વિકાસ ગામના હાથમાં હોય છે. શિક્ષણ જ દરેક સમસ્યાનું સમાધાન છે. વર્ગ ખંડમાં શિક્ષકો દ્વારા કરવામાં આવતું શૈક્ષણિક કાર્ય ખૂબ સારી રીતે અને ઉત્કૃષ્ટ અભિગમ સાથે કરવામાં આવે તથા બાળકોને પાયાના ધોરણથી જ ગુજરાતી સાથે અંગ્રેજી ભાષાનું શિક્ષણ પણ આપવામાં આવે જેથી તેમને ઉચ્ચ અભ્યાસ માટે નવી દિશા મળે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાંતાલુકા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ગામના સરપંચશ્રીઓ અને શિક્ષણ તંત્રના કર્મચારીઓ જોડાયા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# સિંહોના રેલવે સહિતના અકસ્માતના કારણે અકુદરતી મોત મામલે દસ સભ્યોની સમિતિની રચના



અમદાવાદ, તા.૨૮

રાજ્યના સૌરાષ્ટ્રમાં આવેલા ગીરના અભયારણ્ય ખાતે સિંહોના રેલવે સહિતના અકસ્માતના કારણે અકુદરતી મોત મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા દાખલ કરાયેલી જાહરેહિતની રિટની સુનાવણી દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા રજૂઆત કરાઈ હતી કે આ બાબતે એક સમિતિની રચના કરવામાં આવી છે અને નક્કર પગલાં ભરવામાં આવશે. આ બાબતે બે સપ્તાહમાં રેલવે અને વન વિભાગ દ્વારા પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવશે. આ બાબતે વધુ સુનાવણી આગામી તા. ૧૨ જુલાઈનાં રોજ રાખવામાં આવી છે.

જાન્યુઆરી મહિનામાં ત્રણ સિંહોનાં મોતને લઈ રેલ્વે ઓથોરીટી દ્વારા કોઈ નક્કર પગલાં નહીં લેવાતાં ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ સમક્ષ કેસની સુનાવણી ચાલી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈ સુનાવણી દરમિયાન થયેલી સુનાવણી દરમિયાન ગત જાન્યુઆરી મહિના ત્રણ સિંહોના મૃત્યુની ઘટના નોંધાઈ હોવાછતાં સત્તાવાળાઓએ તેને ગંભીરતાથી લીધી નથી તેવી ટકોર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવી કરી અને યોગ્ય પગલાં ભરવા માટે આદેશ કર્યો હતો. આજે થયેલી સુનાવણી દરમિયાન સિંહોના મોત મામલે ઉચ્ચ તપાસ હાથ ધરવા અને જવાબદારી નક્કી કરવા માટે દસ સભ્યોની એક ખાસ સમિતિબનાવાઈ હોવાની અદાલતને જાણ કરાઈ હતી, જેમાં વન વિભાગ, રેલ્વેના અધિકારીઓ સહિતના લોકોને સામેલ કરવામાં આવ્યા છે.

આ કમીટી સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ હાથ ધરશે અને તેનો રિપોર્ટ કોર્ટના રેકર્ડ પર રજૂ કરશે. કમીટીની બે ત્રણ બેઠકો પણ અત્યારસુધીમાં મળી ચૂકી છે. દરમ્યાન રાજય સરકાર તરફથી પણ સિંહોના મોત પ્રકરણમાં ઉચ્ચ સ્તરીય તપાસ અને કસૂરવાર કર્મચારી-અધિકારીઓની જવાબદારી નક્કી કરવા બાબતની હૈયાધારણ આપવામાં આવી હતી. જેને પગલે હાઈકોર્ટે વન વિભાગ અને રેલ્વે ઓથોરીટીને સમગ્ર મામલે સંયુકત રિપોર્ટ બે સપ્તાહમાં રજૂ કરવા હુકમ કર્યો હતો. કોર્ટે તેના અગાઉના આદેશમાં મુખ્ય વન સંરક્ષક, વન્યજીવ વિભાગ,

જૂનાગઢ અને ડિવિઝનલ રેલ્વે મેનેજર (ડીઆરએમ), ભાવનગર ડિવિઝન, પશ્ચિમ રેલ્વેને ટ્રેક પર મૃત્યુ અને સુધારાત્મક પગલાં લેવા આ ઘટનાની તપાસના પાસા પર પ્રકાશ પાડતા એફિડેવિટ દાખલ કરવા આદેશ આપ્યો હતો. અગાઉની સુનાવણી દરમિયાન બંને સત્તાવાળાઓ દ્વારા દાખલ કરવામાં આવેલા જવાબથી સંતુષ્ટ

ન થતાં હાઈકોર્ટે સવાલો કર્યા હતા તેના જવાબો રેલવેના વકીલ આપી શક્યા નહોતા. તે વખતે કેસ ની સુનાવણી કરનાર ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂધ્ધા માયીની ખંડપીઠે ટકોર કરી હતી કે, એક જ મહિનામાં ત્રણ સિંહોના ટ્રેન અકસ્માતમાં મૃત્યુની ઘટના નોંધાવા છતાં તેની ગંભીરતા ધ્યાને લીધા વિના રેલ્વે ઓથોરીટી કે વનવિભાગે યોગ્ય તપાસ કરી નથી. અધિકારીઓએ જાતે કોઈ જ પગલાં લીધા નથી. ઉચ્ચ અધિકારીઓ એર કન્ડીશન્ડ ઓફિસમાં બેસીને મગજનો ઉપયોગ કર્યા વિના કામ કરતાં હોય તેમ જણાય છે. હાઈકોર્ટે આ સમગ્ર મામલે હવે રેલ્વે વિભાગ અને વન વિભાગના સેક્રેટરીના વડપણ હેઠળ ઉચ્ચ સ્તરીય સમિતિ નીમી તપાસ કરાવવાની ચીમકી ઉચ્ચારી હતી.

## તંત્રી લેખ

## સ્વહિતની જગ્યાએ વિશ્વહિતની પ્રાધાન્યતા જરૂરી

ઈઝી શોર્ટકટ્સને બદલે સાચા રસ્તા પર ચાલવા માટે કેટલા કરેજની જરૂર પડતી હશે! એન્ટી હિરોઝને આવી નૈતિકતાની કોઈ દિવાલ નડતી નથી. આ જ તો ફર્ક હોય છે. જે "બહુજન હિતાય, બહુજન સુખાય" માટે પોતાના પર્સનલ સુખોની બલી ચડાવતા ન અચકાય એ હિરો. જે સમુહની ચિંતા કરે એ નાયક. જે પોતાના સ્વાર્થ માટે બીજાના સુખની બલી ચડાવતા જરાય ન ખચકાય એ વિલન. આમ તો ભગવદ્ ગીતામાં ત્રિગુણાત્મક પ્રકૃતિની વાત કરવામાં આવેલ જ છે. સવાલ એ છે કે સરવાળે કોનું જોર વધારે છે. આપણા અંતરમાં જ વિલન અને હિરો છુપાયેલા હોય છે. જેને વધારે પોષણ મળશે એનું કદ વધશે. તાકાત વિચારોમાં હોય છે. કયા વિચારને સબળ બનાવવો એ માત્ર આપણા પોતાના હાથમાં છે.

શક્તિશાળી હોવા માત્રથી હિરો નથી બનાતુ. હિરો બનવા માટે ખુદ સળગીને બીજાને પ્રકાશ આપવો પડે. સાથે મનમાં ઉઠતા લોભ સાથે લડવું પડે. પોતીકાઓ સાથે સંઘર્ષમાં ઉતરવું પડે. ક્યારેક અપનોને ગુમાવવા ય પડે. એવરેસ્ટને સર કરી શકાય, ત્યાં ઘર નથી વસાવી શકાતું. પોતાની ભુલનો દંડ બીજા ભરે એના અફસોસનો ભાર ભારે વજનદાર હોય છે. મહાભારતના શાંતિપર્વમાં યુદ્ધ જીત્યાં પછીય શાંતિની જગ્યાએ વિષાદે સ્થાન લીધુ હતું.

નિયતી આગળ બધા લાચાર છે એવું તો દરેકને સમજાતું જ હોય છે. છતાં પરાર્ક્મ કરવાનો, પરીશ્રમના પરસેવાથી સફળ થવાનો મૂળભૂત અધિકાર દરેક પાસે હોય જ છે. સવાલ એ છે કે આ આશા અને ધીરજ કોણ રાખી શકે છે! જીવન જીવવા માટે પાયાની જરૂરીયાત છે, આશા અને ધીરજ. જ્યાં સુધી મનગમતી મંજિલ નથી મળતી ત્યાં સુધી આ બંને હથિયારોને ઉપયોગમાં લઈને પ્રયત્નોના પહાડો ખોદે એ જ લક્ષ્ય સુધી પહોંચી શકે. બ્રહ્માંડની એક અનંત શક્તિ એવી છે કે જે સુપરહિરોઝને સફળતાના સંજોગો ઉભા કરી આપવામાં મદદગાર બને. બુરાઈને હરાવવા બધી જ અચ્છાઈની શક્તિઓ સરળતાથી પોતાનો પર્સનલ ઈગો છોડીને એક થઈ શકે છે, અંત હી આરંભ હૈ. આજની વાર્તા કાલની કલ્પનામાં અમર વાસ્તવિક પાત્રો બની શકે છે. હજારો વર્ષો પછી ય આપણે સુપરહિરોઝના ગુણગાન ગાઈએ જ છીએ ને!

રામ, હનુમાન, કૃષ્ણ, અર્જુન આપણા આદર્શ છે જ! આપણે પૂંજીએ છીએ. એમની સારપ, એમના વચનોને સાંભળીને આજેય અભિભૂત થઈ જવાય. એમના સુપરપાવરને યાદ કરતી વખતે પરહિતો માટે આપેલા બલિદાનની કિંમત આપણે ભુલી જઈએ છીએ. વિલન ગમે એટલો પાવરફુલ હોય, જીત તો હિરોઝની જ થાય. આ આશાને હંમેશા જીવતી રાખવાની છે. આજે કદાચ હિરોઝ હારતા દેખાશે પણ અંતમાં તો જીતવાના જ છે. બુરાઈ પર અચ્છાઈની જ જીત થાય એવો ભરોસો આજના સમયમાં સૌથી જરૂરી બની ગયો છે. આપણા વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત કે બાઈબલ, કુરાનમાં આ જ ભરોસો બંધાવવાનો પ્રયાસ થયો છે. બસ અચ્છાઈમાં જ્યાં સુધી ભરોસો કાયમ રહેશે ત્યાં સુધી આ વિશ્વને બુરાઈનો કોઈ ખતરો નથી.

## જૂની પેન્શન યોજનાના અમલને લઈને ફરી સંગઠનો આક્રમક બનશે

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં જૂની પેન્શન યોજનાના અમલનુ ભૂત ફરી ધુણવા લાગ્યું છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા જૂની પેન્શન યોજનાને લઈને ઠરાવ બહાર પાડ્યા બાદ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજયના મુખ્યમંત્રીને પત્ર લખી ૨૦૦૫ પહેલા નિમણુંક પામેલાશિક્ષકો તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરવાનો ઠરાવ બહાર પાડવા ભલામણ કરી છે. વિધાનસભાની ચૂંટણી પહેલા જૂની પેન્શન યોજનાને લઈને શરૂ થયેલાઆંદોલનના પગલે પાંચ મંત્રીઓનીકમિટી સમક્ષ સમાધાન થયું હતું.જોકે, ત્યારબાદ હજુ સુધી ઠરાવબહાર પડાયો ન હોવાથી સંગઠનો આક્રમક વલણ અપનાવવાની તૈયારી કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત ઘણા લાંબા સમયથી તમામ શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માંગ કરી રહ્યું છે. જે અન્વયે વખતો વખત વિવિધ રજૂઆત તથા આંદોલન પણ થયા છે. ગત વિધાનસભાની ચૂંટણી પહેલા શૈક્ષિક મહાસંઘ તથા અન્ય સંગઠનો દ્વારા મોટાપાયે આંદોલન કર્યુ હતું.

જેના પગલે સરકાર દ્વારા નિયુક્ત પાંચ મંત્રીઓના સમૂહ સાથે વાટાઘાટો બાદ ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલાં નિમણૂંક પામેલા શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરવા તથા અન્ય બાબતો પર સમાધાન થયું હતું. શૈક્ષિક મહાસંઘની માંગણી તમામ શિક્ષકો અને કર્મચારીઓને ઓલ્ડ પેન્શન યોજનામાં સમાવેશ કરવાની છે. પરંતુ સમાધાન સમયે સરકાર દ્વારા સ્વીકારેલા ૨૦૦૫ પહેલાંનો આજ દિન સુધી ઠરાવ ન થતા શિક્ષકો તથા કર્મચારીઓમાં આક્રોશ ફેલાયો છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા ૨૦૦૫ પહેલા

નિમણૂંક પામેલા શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા ઠરાવ કરવામાં આવ્યો છે. આમ, કેન્દ્ર સરકાર ઉપરાંત ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્રમાં સરકાર દ્વારા જો આ લાભ શિક્ષક તથા કર્મચારીઓને આપવામાં આવતો હોય તો ભારતીય જનતા પાર્ટી શાસિત ગુજરાતના શિક્ષક તથા કર્મચારીઓના હિતમાં આ બાબતોને ધ્યાને લઈ વિધાનસભા ચૂંટણી પહેલા થયેલા સમાધાન અનુસાર ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલા નિમણૂંક પામેલા શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવાનો ઠરાવ બહાર પાડવામાં આવે તેવી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા માંગણી કરવામાં આવી છે.

## ભત્રીજા અજીતની છાવણીના ધારાસભ્યોને પાછા લેવા અંગે શરદ પવારે કહ્યું : પક્ષના દરવાજા ખુલ્લા

(એજન્સી) તા.૨૮

જો કે, એનસીપીના દિગ્ગજ નેતાએ કહ્યું કે, પક્ષના નેતાઓ અને કાર્યકરો સાથે ચર્ચા કર્યા પછી જ નક્કી કરવામાં આવશે કે જે ધારાસભ્યો પક્ષની છબીને નુકસાન નહીં કરે તેઓને પાછા લેવામાં આવશે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)-એસપીના વડા શરદ પવારે મંગળવારે સંકેત આપ્યો હતો કે, તેમના ભત્રીજા અજિત પવારની છાવણીમાં પક્ષપલટો કરનારા ધારાસભ્યો માટે તેમની પાર્ટીના દરવાજા ખુલ્લા છે. ઉલ્લેખનીય છે કે, આ ધારાસભ્યોને કારણે પક્ષમાં વિભાજન થયું હતું. પવારે કહ્યું કે, 'જેઓ પક્ષને નબળો પાડવા માંગે છે તેમને લેવામાં આવશે નહીં. પરંતુ જે નેતાઓ સંગઠનને મજબૂત કરવામાં મદદ કરશે અને પક્ષની છબીને નુકસાન પહોંચાડશે નહીં તેમને લેવામાં આવશે. જો કે, તે પણ પાર્ટી NCP નેતાઓ અને કાર્યકરો સાથે વાત કર્યા પછી થશે.' શરદ પવારે સ્પષ્ટતા કરી હતી કે, તેમના ભત્રીજા, મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અજિત પવારનું એનસીપીમાં પાછા સ્વાગત કરવામાં આવશે નહીં. અજીતનું જૂથ હાલમાં સત્તાધારી મહાયુતિ ગઠબંધન સાથે જોડાણમાં છે, જેમાં ભારતીય જનતા પાર્ટી (BJP) અને મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનાનો પણ સમાવેશ થાય છે.

NCP જુલાઈ ૨૦૨૩માં વિભાજિત થઈ જ્યારે અજિત પવાર અને ઘણા ધારાસભ્યો ભાજપ-શિવસેના સરકારમાં જોડાયા હતા. ફેબ્રુઆરીમાં, ભારતના ચૂંટણી પંચે અજિત પવારના જૂથને વાસ્તવિક NCP તરીકે માન્યતા આપી હતી અને તેને પ્રતિકાત્મક 'ઘડિયાળ' પ્રતીક ફાળવ્યું હતું. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓમાં અજિત પવારના જૂથના નિરાશાજનક પ્રદર્શનને પગલે શરદ પવારની છાવણીમાં સંભવિત અટકળોએ જોર પકડ્યું છે. અજિત પવારની એનસીપીએ મહારાષ્ટ્રમાં ચૂંટણી લડેલી ચારમાંથી માત્ર એક જ બેઠક મેળવી શકી હતી, જ્યારે શરદ પવારની એનસીપીએ ચૂંટણી લડેલી દસમાંથી આઠ બેઠકો જીતી હતી. શાસક મહાયુતિ ગઠબંધને સામૂહિક રીતે રાજ્યની ૪૮ બેઠકોમાંથી ૧૭ બેઠકો જીતી હતી, જેમાં ભાજપને નવ અને શિંદેના સેનાના જૂથને સાત બેઠકો મળી હતી.

વર્તમાન એનડીએ સરકારમાં રાજ્યમંત્રી પદ ઓફર કરવામાં આવતા અજિત પવારની છાવણી કથિત રીતે નારાજ હતી. પ્રફુલ્લ પટેલે આ ઓફરને નકારી કાઢી હતી. અગાઉ તેઓ કેન્દ્ર સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા હોવાથી તેમણે આ ઓફરને તેમના માટે ડિમોશન ગણાવ્યું હતું. ઑક્ટોબર ૨૦૨૪માં રાજ્યની વિધાનસભાની ચૂંટણી પહેલા શરદ પવારની છાવણીમાં પાછા ફરવાના ધારાસભ્યોની અટકળો પણ આવી રહી છે. વિપક્ષી મહારાષ્ટ્ર વિકાસ અઘાડી (સ્ફછ) જેમાંથી દ્રઞ-જીૅ એક ભાગ છે, આગામી વિધાનસભા ચૂંટણીઓ સંયુક્ત રીતે લડવાના તેમના ઈરાદાને સમર્થન આપે છે. એનસીપી-એસપી નેતા રોહિત પવારે દાવો કર્યો હતો કે, અજિત પવારની એનસીપીના ૧૮થી ૧૯ ધારાસભ્યો રાજ્ય વિધાનસભાના આગામી ચોમાસુ સત્ર પછી પક્ષપલટો કરે તેવી અપેક્ષા છે. શિવસેના (ેં)ના વડા ઉદ્ધવ ઠાકરેએ પહેલાથી જ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના જૂથમાં પક્ષપલટો કરનારા નેતાઓને સ્વીકારવાની શક્યતાને નકારી કાઢી હતી.

## પહાડી પ્રવાસન સ્થળોમાં નૈનિતાલ સૌથી વધુ પ્રદુષિત

હલ્ધાની,તા.૨૮

ઉતરાખંડનાં પહાડી શહેરોમાં નૈનિતાલની હવા સૌથી વધુ પ્રદુષિત જોવા મળી છે. ગત એક વર્ષમાં ત્યાં પીએમ-૧૦ સ્તર ૧૫ ટકાથી વધી ગયુ છે ચમોલી જીલ્લાનાં ગોપેશ્વરની હવામાં પ્રદુષણની માત્રા સૌથી ઓછી જોવા મળી છે.

પહાડી શહેરોમાં નૈનિતાલ બાદ બાગેશ્વરની હવા આશ્ચર્યજનક રીતે સૌથી ખરાબ નોંધાઈ છે.જયારે ત્યાં પર્યટન ગતિવિધી સીમિત છે તેનું એક કારણ ત્યાંનો ખનન કારોબાર હોઈ શકે છે. મેદાની ક્ષેત્રોમાં વાયુ પ્રદુષણ દહેરાદુનમાં સૌથી વધુ અને કાશીપુરમાં સૌથી ઓછુ છે. પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો રિપોર્ટ બતાવી રહ્યો છે કે પહાડના બધા શહેરોમાં દર વર્ષે હવાનું પ્રદુષણ ઝડપથી વધી રહ્યું છે.

નૈનિતાલમાં વાહનોનું ભારે દબાણ અને પર્યટકોની ભીડના કારણે વાયુ પ્રદુષણ સર્વાધિક થઈ ગયુ છે. નૈનિતાલની હવામાં પ્રદુષણ માટે જવાબદાર પીએમ ૧૦ નું સ્તર સર્વાધિક ૭૬.૭૭ માઈક્રોગ્રામ પ્રતિ કયુબ જોવા મળ્યુ છે. તે રાજયના પર્વતીય ક્ષેત્રમાં સૌથી વધુ છે. અહીં ૨૦૨૩ માં પીએમ ૧૦ ની માત્રા ૬૮.૦૮ હતી

## સલમાને ૫૮ વર્ષે પણ લગ્ન કેમ નથી કર્યા?

(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબઈ, તા.૨૮

સલમાનના પિતા સલીમ ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે, જેમાં તે ૫૮ વર્ષે કેમ કુંવારો છે, તેનાં કારણ વિશે વાત કરે છે. આ વીડિયોમાં સલીમ ખાન કહે છે,"તે રિલેશનશિપમાં તો સરળતાથી આવી જાય છે, પણ એ લગ્ન કરતાં ડરી જાય છે. તેનો બહુ સરળ સ્વભાવ છે, તેથી તે ગમે તેનાથી બહુ જલ્દી આકર્ષિત થઈ જાય છે. જોકે, એને ડર છે.

## જ્વેલથીફ; ૪.૫ કરોડનો હીરો લઈ જઈ ૧ લાખનો નકલી હીરો પધરાવી દીધો

### સુરતનાં ડાયમંડ ટ્રેડીંગ હબમાં ફિલ્મીઢબે છેતરપીંડીની ઘટનાથી ચકચાર : બે શખ્સો સામે ફરિયાદ : આબેહુબ ખોટો ડાયમંડ બતાવી વેપારી સાથે બદલાવી નાંખ્યો



સુરત,તા.૨૮

સુરતના ડાયમંડ ટ્રેડીંગ હબમાં અક્ષત જેમ્સ નામની હીરાની પેઢી ધરાવતા ચિરાંગ શાહ નામના વેપારી પાસેથી હાર્ટ આકારનો ૪.૫૫ કરોડનો હીરો લઈ જઈ માત્ર રૂ.૧ લાખનો નકલી હિરો પધરાવી બદલ હિતેશ પુરોહિત અને તેના સાગહીત ઈશ્ર્વર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ છેતરપીંડીની ઘટનાથી સુરતની હીરા બજારમાં ચકચાર જાગી છે.

મહિધરપુરા પોલીસ મથકમાં નોધાયેલી ફરિયાદ વિગત મુજબ હીરાબજાર એલબી ચાર રસ્તા પાસે કેબિન રાખી ધંધો કરતા વેપારીએ હીરો ખરીદવાને બહાને હીરા વેપારીને ઓફિસે બોલાવ્યા બાદ સોદો કરી વેપારીની નજર ચૂકવી ૧૦.૦૮ કેરેટનો ડી કલરનો વીવીએસ ટુ પ્યોરીટીનો નેચરલ હીરો બદલી તેની જગ્યાએ સીવીડી હીરો મૂકી તિજોરીમાંથી રૂપિયા લઈને આવું છું હોવાનું કહી હીરો લઈ મોબાઈલ બંધ કરી રફફુચક્કર થઈ ગયો હતો.

વેસુ એસ.ડી.જૈન સ્કુલની વેસ્ટર્ન રેસીડેન્સીમાં રહેતી વેપારી શાહે મહિધરપુરા હીરાબજાર એલ.બી. પાસે દેવનિરંજની બિલ્ડિંગમાં કેબિન રાખી હીરાનો ધંધો કરતા હિતેશ મનજ પુરોહીત અને ઈશ્વર સામે ફરિયાદ નોધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ખોડલ જેમ્સના માલીક યોગેશ કાકલોતરએ રેપનેટ સાઈઢ ઉપર જીઆઈ સર્ટીફાઈડ હીરો ૧૦.૮૦ કેરેટ વજનનો ડી કલરનો વીવીએસ ટુ પ્યોરીટીનો જેનો જીઆઈટી ગ્રેડીંગ વાળો હીરો વેચાણ અર્થે મુક્યો હતો. આ હીરો ખરીદવા માટે આરોપી હિતેશ પુરોહીતે દલાલ મારફતે સંપર્ક કર્યો હતો.

ચિરાગભાઈના પુત્ર અક્ષતે ગત તા ૮ જુનના રોજ મૂળ માલિક યોગેશભાઈ પાસેથી હીરો જાંગડ પર હીરો લઈ હિતેશ પુરોહિતને તેની ઓફિસમાં બતાવ્યો હતો. હિતેશે બીજા દિવસે પેમેન્ટ આપાવાની વાત કરતા અક્ષતેના પાડી હીરો પરત તેના મુળ માલિકને આપી દીધો હતો. જોકે, ત્યારબાદ ૨૫મીના રોજ ફરી દલાલે ફોન કરતા અક્ષત હીરો લઈને હિતેશ આવી વેચાણ કરવા માટે પુરોહિતની ઓફિસે ગયા હતા.

આરોપી હિતેશ પુરોહિતે ભાવતાલ બાબતે વાતચીત કરી સીવીડી ચેક કરાવી હીરો અને સર્ટીફિકેટ માંગી હીરો થોડીવાર જોઈ પોતાના હાથમાં રાખ્યો હતો. હિતેશે અક્ષતને ટોકન પેટે ૧૦ લાખ રૂપિયા આપવાનું કહી હીરો ટેબલ ઉપર મુક્યો હતો અને સેફમાંથી રૂપિયા લેવા જવાં કહી ઓફિસમાંથી નીકળી ગયો હતો. અક્ષતે ટેબલ ઉપર મૂકેલો હીરો જોતા હીરો બદલાય ગયો હતો.

અક્ષત તે હીરો બતાવવા માટે લાવ્યો હતો તેના બદલામાં સીવીડી હીરો હતો અને હીરાની ઘારામાં ગ્રેડીંગ નંબર પણ જુદો લખેલો હતો. હિતેશ પુરોહિતે વાતચીત દરમ્યાન નજર ચૂકવી રૂપિયા ૪.૫૫ કરોડની કિંમતનો હીરો લઈ જઈ તેની જગ્યાએ સીવીડી હીરો મૂકી ભાગી ગયો હતો અને અક્ષતે ફોન કરતા તેનો મોબાઈલ પણ બંધ આવતો હતો. પોલીસે ચિરાગભાઈ શાહની ફરિયાદ લઈ હિતેશ પુરોહિત અને ઈશ્વર નામના વ્યકિત સામે ૪.૫૫ કરોડના હીરાની છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અનશનથી વધીને કોઈ તપ નથી.

- તૈતિરીય આરણ્યક

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૭ પંચક તા.૨૮ જૂન ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૨૧, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, સૌભાગ્ય યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૪૦
આજનો દિવસ સવારે ૧૦:૧૦ ક. થી શુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યાપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી મિલન થાય.
વૃષભ:લાભની તક સાંપડે. મનમાં ઉત્સાહ રહે. નવિન સમાચાર મળે.
મિથુન:વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કર્ક: મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.
સિંહ: ગૃહજીવનમાં ચકમક ઝરે. મનમાં અશાંતિ રહે.
કન્યા: અપયશના ભાગીદાર બનવું પડે. ધીરજ અને શાંતિથી દિવસ પસાર કરવો હિતાવહ.
તુલા: મનમાં વ્યથા-દુઃખ અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.
વૃશ્ચિક:ધીરજની કસોટી થાય. પરેશાની-તકલીફમાં વધારો થાય.
ધન: મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.
મકર: મહેનતનું શુભ ફળ મેળવી શકશો. યાત્રા-પ્રવાસમાં લાભ થાય.
કુંભ: ધીરજ રાખવી હિતાવહ. નાણાંકીય લાભ થાય.
મીન: મનની મુરાદ બર ન આવે. વ્યર્થ ચિંતા રહે.

### હરિયાણામાં હેટ્રિક! અમિત શાહે કમાન સંભાળી

# ૨૯ જૂને બીજેપી નેતાઓ સાથે મંથન કરશે અમિત શાહ

**હરિયાણા વિધાનસભાના અધ્યક્ષ અને પંચકુલાના ધારાસભ્ય જ્ઞાનચંદ ગુપ્તાએ કહ્યું કે અમિત શાહની મુલાકાતથી કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર થશે**

હરિયાણા, તા.૨૮

હરિયાણામાં ઓક્ટોબરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાટીએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ૨૯ જૂને પંચકુલામાં પાટીની બેઠકની અધ્યક્ષતા કરશે. બુધવારે બીજેપીના રાજ્ય એકમ દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, વિધાનસભા ચૂંટણી અને તેની રણનીતિને લઈને પાટીની બેઠકો ચાલી રહી છે.નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'હરિયાણામાં ત્રીજી વખત સરકાર બનાવવાના ઉદ્દેશ્ય સાથે ભાજપ મજબૂત રીતે આગળ વધી રહી છે. આ શ્રેણીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ૨૯ જૂને રાજ્ય કાર્યકારિણીની બેઠકમાં ભાગ લેવા પંચકુલામાં આવી રહ્યા છે.

હરિયાણાના સીએમ નાયબ સિંહ સૈની અને રાજ્યના અન્ય વરિષ્ઠ બીજેપી નેતાઓએ દાવો કર્યો છે કે હરિયાણામાં શાસક પક્ષ સતત ત્રીજી વખત તેની સરકાર બનાવશે. રવિવારે, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન, જેઓ હરિયાણાના ભાજપના ચૂંટણી પ્રભારી પણ છે, તેમણે પાટીના કાર્યકરોને આગામી વિધાનસભા ચૂંટણી માટે કમર કસી લેવા અને કોંગ્રેસના 'જૂઠાણા' અને 'દુર્શાસન'ને ઉજાગર કરવા લોકો સુધી પહોંચવા જણાવ્યું હતું. કહ્યું.પ્રધાને રોહતકમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટર, મુખ્યમંત્રી સૈની, કેન્દ્રીય મંત્રી કૃષ્ણ પાલ ગુર્જર અને પાટીના વરિષ્ઠ નેતા બિપ્લબ કુમાર દેબ સાથે પાટીના એક કાર્યક્રમને સંબોધિત કર્યા હતા. હરિયાણા ભાજપે કહ્યું કે તેણે અમિત શાહની પંચકુલાની મુલાકાતની તૈયારીઓ શરૂ કરી દીધી છે. બુધવારે પાટી કાર્યાલય પંચકુલામાં જિલ્લા અધ્યક્ષ દીપક શર્માની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી.બેઠકમાં ભાજપના પ્રદેશ મહાસચિવ મોહન લાલ બડોલીએ બેઠકની વ્યવસ્થા અંગે પક્ષના અધિકારીઓને જરૂરી માર્ગદર્શિકા આપી હતી. આ બેઠકમાં હરિયાણા વિધાનસભાના અધ્યક્ષ અને પંચકુલાના ધારાસભ્ય જ્ઞાનચંદ ગુપ્તા પણ હાજર હતા. ગુપ્તાએ કહ્યું કે શાહની મુલાકાતથી કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર થશે. તેમણે કાર્યકરો અને અધિકારીઓને બેઠકની સફળતા માટે સંપૂર્ણ તાકાત સાથે એકઠા થવા જણાવ્યું હતું.

### મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું

# મરાઠાઓને અનામત આપતી વખતે OBC સાથે કોઈ અન્યાય નહીં થાય

**સીએમએ કહ્યું કે તેમની સરકારે અગાઉ મરાઠા સમુદાયને ૧૦ ટકા અનામત આપવા માટે વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવ્યું હતું**

મુંબઈ, તા.૨૮

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું છે કે મરાઠા સમુદાયને અનામત આપતી વખતે અન્ય પછાત વર્ગો (ઓબીસી) અથવા અન્ય કોઈ સમુદાય સાથે અન્યાય કરવામાં આવશે નહીં. વિધાનસભાના ચોમાસુ સત્રની પૂર્વસંધ્યાએ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે અહીં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા શિંદેએ કહ્યું કે સત્તારૂઢ શિવસેના-ભાજપ-એનસીપી ગઠબંધન લોકોને આશ્વાસન નહીં આપે, પરંતુ ફાયદો થશે. વિધાનસભા સત્ર દરમિયાન બજેટ રજૂ કરવામાં આવશે.તેમણે કહ્યું, "મરાઠા સમુદાયને અનામત આપતી વખતે OBC અથવા અન્ય કોઈ સમુદાય સાથે અન્યાય કરવામાં આવશે નહીં." તેમણે કહ્યું કે મહાયુતિ સરકારે આ વર્ષની શરૂઆતમાં મરાઠાઓને 10 ટકા અનામત આપવા માટે વિશેષ સત્ર બોલાવ્યું હતું. મનોજ જરાંગેના નેતૃત્વમાં મરાઠાઓ ઓબીસી કેટેગરીમાં અનામતની માંગ કરી રહ્યા છે, જ્યારે વરિષ્ઠ મંત્રી છગન ભુજબળ સહિતના ઓબીસી નેતાઓ મરાઠાઓ સાથે અનામત વહેંચવાનો વિરોધ કરી રહ્યા છે.દરમિયાન શિંદેએ એમ પણ કહ્યું કે સરકાર ખેડૂતોની અવગણના નહીં કરે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વિપક્ષ તેમની સરકાર દ્વારા કરાયેલા વિકાસ કાર્યોને જોઈ શકતો નથી.

ગુજરાતમાં મોટા પ્રોજેક્ટ્સ જઈ રહ્યા હોવાના વિપક્ષના આક્ષેપોને નકારી કાઢતા મુખ્યમંત્રીએ કહ્યું કે મહારાષ્ટ્ર રોકાણનું સ્થળ બની ગયું છે. અગાઉના દિવસે, વિપક્ષી જોડાણ મહા વિકાસ અઘાડી (MVA) એ સત્રની શરૂઆત પહેલા મુખ્યમંત્રી દ્વારા આયોજિત પરંપરાગત ચા પાટીનો બહિષ્કાર કર્યો હતો. MVA નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે સરકાર ખેડૂતો સહિત સામાન્ય જનતાના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં નિષ્ફળ રહી છે.વિપક્ષો પર જુઠ્ઠાણા ફેલાવવાનો આરોપ લગાવતા, નાયબ મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું કે સરકાર ચોમાસુ સત્રમાં "ખોટા નિવેદનોની ફેક્ટરી" ને ઉજાગર કરશે. ફડણવીસે કહ્યું કે વિપક્ષે પોતાને પૂછવું જોઈએ કે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહા વિકાસ આઘાડી સરકારે વિદર્ભ પ્રદેશમાં એક પણ સિંચાઈ પ્રોજેક્ટને કેમ મંજૂરી આપી નથી.

### દક્ષિણ અમેરિકાના દેશ બોલિવિયામાં બળવાનો પ્રયાસ નિષ્ફળ

# ટેન્ક અને સૈનિકો સાથે રાષ્ટ્રપતિ ભવન પહોંચેલા જનરલની ધરપકડ

**દક્ષિણ અમેરિકાના દેશ બોલિવિયામાં બુધવારે ટેન્ક અને સૈનિકોએ રાષ્ટ્રપતિ ભવનનો દરવાજો તોડવાનો પ્રયાસ કર્યો હતો**

બોલિવિયા, તા.૨૮

દક્ષિણ અમેરિકાના દેશ બોલિવિયામાં બુધવારે ટેન્ક અને સૈનિકોએ રાષ્ટ્રપતિ ભવનનો દરવાજો તોડવાનો પ્રયાસ કર્યો હતો. બોલિવિયાના રાષ્ટ્રપતિ લુઈસ આર્સે તેને બળવાનો પ્રયાસ ગણાવ્યો હતો. તેમણે દેશની જનતાને બળવા વિરુદ્ધ એકત્ર થવા વિનંતી કરી. "દેશ બળવાના પ્રયાસનો સામનો કરી રહ્યો છે. અમે અહીં કાસા ગ્રાન્ડેમાં કોઈપણ બળવાના પ્રયાસનો સામનો કરવા માટે મજબૂત રીતે તૈયાર છીએ. અમારે બોલિવિયન લોકોને સંગઠિત કરવાની જરૂર છે," આર્સે મંત્રીઓથી ઘેરાયેલા રાષ્ટ્રપતિ મહેલમાં એક વીડિયોમાં જણાવ્યું હતું.જો કે, તખ્તાપલટના નિષ્ફળ પ્રયાસ પછી, બોલિવિયાના જનરલ કમાન્ડરની પોલીસે લાઈવ ટીવી પર ધરપકડ કરી હતી.હકીકતમાં, અગાઉ બોલિવિયન ટેલિવિઝન પર વગાડવામાં આવેલા વિડિયોમાં બતાવવામાં આવ્યું હતું કે રાષ્ટ્રપતિ આર્સે પ્રેસિડેન્શિયલ પેલેસના કોરિડોરમાં બળવાનું નેતૃત્વ કરી રહેલા આર્મી જનરલ કમાન્ડર જુઆન જોસ ઝુનિગાનો સામનો કર્યો હતો. આર્સે કહ્યું, "હું તમારો કપ્તાન છું અને હું તમને તમારા સૈનિકોને પાછા ખેંચવાનો આદેશ આપું છું અને હું આ અવજ્ઞાને મંજૂરી આપીશ નહીં. "બોલિવિયન ટેલિવિઝનએ બખ્તરબંધ વાહનોને રાષ્ટ્રપતિ મહેલના દરવાજા પર અથડાતા દર્શાવ્યા હતા, જ્યારે એક ટોચના અધિકારીએ બોલિવિયનોને લોકશાહીનો બચાવ કરવા હાકલ કરી હતી. બીજી તરફ, સરકારી ઈમારતમાં પ્રવેશતા પહેલા ઝુનિગાએ પ્લાઝામાં પત્રકારોને જણાવ્યું હતું કે, "ચોક્કસપણે ટૂંક સમયમાં જ મંત્રીઓની નવી કેબિનેટ હશે. આપણો દેશ, આપણું રાજ્ય આ રીતે આગળ વધી શકે નહીં. અત્યારે તે ઈચ્છે છે કે આર્સે કમાન્ડર બને. મુખ્ય તરીકે ઓળખો."જો કે ઝુનિગાએ સ્પષ્ટપણે કહ્યું ન હતું કે તે બળવાનું નેતૃત્વ કરી રહ્યો હતો, પરંતુ તેણે મુખ્ય મથક પર ગુંજતા વિસ્ફોટોના અવાજ વચ્ચે કહ્યું કે સેના લોકશાહી પુનઃસ્થાપિત કરવા અને અમારા રાજકીય કેદીઓને મુક્ત કરવાનો પ્રયાસ કરી રહી છે.તેમના ઠ એકાઉન્ટ પરની પોસ્ટમાં, રાષ્ટ્રપતિ આર્સે લોકશાહીનું સન્માન કરવા હાકલ કરી. બોલિવિયન ટેલિવિઝન દ્વારા રાષ્ટ્રપતિ મહેલની સામે લશ્કરી ગણવેશમાં બે ટેન્ક અને કેટલાક લોકો દર્શાવ્યા પછી તેમની પોસ્ટ આવી. રાષ્ટ્રપતિએ સ્થાનિક સમાચાર આઉટલેટ્સને મોકલેલા એક વિડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, "અમે બળવાના પ્રયાસોને ફરી એકવાર બોલિવિયનોના જીવ લેવાની મંજૂરી આપી શકતા નથી."ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ઈવો મોરાલેસે પણ ઠ પરની પોસ્ટમાં હેડક્વાર્ટરની બહાર મુરિલો સ્ક્વેરમાં સેનાની કાર્યવાહીની નિંદા કરી હતી અને તેને બળવાની શરૂઆત ગણાવી હતી. મારા નેલા પ્રદા, રાષ્ટ્રપતિના મંત્રી અને બોલિવિયાના ટોચના અધિકારીએ તેને "બળવો પ્રયાસ" ગણાવ્યો. તેમણે સ્થાનિક ટેલિવિઝન સ્ટેશન રેડ યુનોને કહ્યું, "લોકો લોકશાહીને બચાવવા માટે સજાગ છે."

### અર્થશાસ્ત્રી અમર્ત્ય સેને કહ્યું

# લોકસભા ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે ભારત 'હિંદુ રાષ્ટ્ર' નથી

**નોબેલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેને બુધવારે કહ્યું કે તાજેતરની લોકસભા ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે ભારત 'હિંદુ રાષ્ટ્ર' નથી**

નવી દિલ્હી, તા.૨૮

નોબેલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેને બુધવારે કહ્યું કે તાજેતરની લોકસભા ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે ભારત 'હિંદુ રાષ્ટ્ર' નથી. અમેરિકાથી કોલકાતા પહોંચેલા સેને પણ નવી સિસ્ટમ હેઠળ લોકોને "વિના સુનાવણી બાદ તેને જેલમાં ધકેલી દેવા પર નારાજગી વ્યક્ત કરી છે.અમર્ત્ય સેને નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક બંગાળી ન્યૂઝ ચેનલને કહ્યું કે ભારત હિંદુ રાષ્ટ્ર નથી, તે ચૂંટણી પરિણામોમાં જ પ્રતિબિંબિત થાય છે. અમે હંમેશા દરેક ચૂંટણી પછી પરિવર્તનની અપેક્ષા રાખીએ છીએ. અગાઉ જે કંઈ પણ થયું (ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર દરમિયાન), લોકોને અજમાયશ વિના જેલના સળિયા પાછળ ધકેલી દેવા અને અમીર-ગરીબ વચ્ચેનું અંતર વધારવું, તે હજુ પણ ચાલુ છે. આને રોકવું પડશે.પ્રખ્યાત અર્થશાસ્ત્રીએ કહ્યું કે રાજકીય રીતે ખુલ્લા વિચારોની જરૂર છે, ખાસ કરીને જ્યારે ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે અને તેનું બંધારણ પણ ધર્મનિરપેક્ષ છે. તેમણે આગળ કહ્યું, "મને નથી લાગતું કે ભારતને 'હિંદુ રાષ્ટ્ર'માં ફેરવવાનો વિચાર યોગ્ય છે."અમર્ત્ય સેન પણ માને છે કે નવી કેન્દ્રીય કેબિનેટ 'અગાઉની એક નકલ' છે. તેમણે કહ્યું કે મંત્રીઓ પાસે હજુ પણ એ જ પોર્ટફોલિયો છે. કેટલાક ફેરબદલ છતાં, રાજકીય રીતે શક્તિશાળી હજુ પણ શક્તિશાળી છે.અમર્ત્ય સેને યાદ કર્યું કે જ્યારે તેઓ બાળપણમાં હતા, જ્યારે ભારત બ્રિટિશ શાસન હેઠળ હતું, ત્યારે લોકોને કોઈપણ ટ્રાયલ વિના જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.નોબેલ પુરસ્કાર વિજેતા સેને કહ્યું, "જ્યારે હું નાનો હતો, ત્યારે મારા ઘણા કાકાઓ અને પિતરાઈ ભાઈઓને કોઈપણ ટ્રાયલ વિના જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. અમને આશા હતી કે ભારત આમાંથી મુક્ત થઈ જશે. કોંગ્રેસ પણ એ હકીકત માટે દોષિત છે કે તે અટકી નથી. તેઓએ તેમાં કોઈ ફેરફાર કર્યો નથી, પરંતુ વર્તમાન સરકાર હેઠળ તે વધુ પ્રચલિત છે.અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ છતાં ફૈઝાબાદ લોકસભા સીટ ગુમાવવા પર સેને કહ્યું કે દેશની અસલી ઓળખને દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું, "આટલા પૈસા ખર્ચીને રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભારતને 'હિંદુ રાષ્ટ્ર' તરીકે દર્શાવવું, જે મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર અને નેતાજી સુભાષ ચંદ્ર બોઝના દેશમાં થવું ન જોઈએ. આ જ ભારતની વાસ્તવિક ઓળખ છે. "આને અવગણવાનો પ્રયાસ છે અને તેને બદલવો પડશે."

## ઉના શહેરમાં ધારાસભ્ય કે.સી. રાઠોડ દ્વારા જાતે ઊભા રહી અને સફાય અભિયાન કરાવ્યું



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૮

ભારતભરમાં ઉના નગરપાલિકાનો ૪ ક્રમાંક મેળવેલ અને ગુજરાત પ્રથમ નંબર મેળવી અને ઉના અને ગીરગઢડાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડએ વૈષણ સંપ્રદાયની હવેલી જવાના રસ્તે ગંદકી નજરે આવતાની સાથે પોતે નગરપાલિકાના સ્ટાફ સાથે ગંદકી અને ચોમાસામાં પાણીના નિકાલ માટે ગટરનું સમાર કામ કરાવેલ જ્યારે અનેક જગ્યાએ ગંદકી દૂર થાય અને રોગચાડો ના ફેલાય તેમ માટે જાતે ઉભા રહીને સફાઈ કરાવી હતી જેથી વેપારીઓમાં ખુશીનો માહોલ છવાયો હતો.

# ઉત્તરપ્રદેશને હળવાશથી લેવું એ અમારી ભૂલ હતી : એક્ઝિટ પોલ ખોટા પડવા અંગે એક્સિસ માય ઈન્ડિયાના પ્રદીપ ગુપ્તા

**તેમણે કહ્યું કે, એક્સિસ માય ઇન્ડિયાની એક્ઝિટ પોલની આગાહી કરવાની પદ્ધતિ ખોટી નથી પરંતુ નિર્ણાયક રાજ્યોમાં સંસાધનોની ઓછી સુવિધા છે**

નવી દિલ્હી તા.૨૮

એક્ઝિટ પોલ અચૂક ન પડવા માટે ચુકાદાની ભૂલને દોષી ઠેરવતા એક્સિસ માય ઈન્ડિયાના વડા પ્રદીપ ગુપ્તાએ કહ્યું છે કે ચૂંટણીના છેલ્લા ત્રણ તબક્કામાં ઉત્તર પ્રદેશને હળવાશથી લેવું તે તેઓને ખૂબ મોંઘું પડ્યું કારણ કે તેણે તેના ટોચના સંસાધનોને નિર્ણાયક હિન્દી-હાર્ટલેન્ડથી દૂર રાખ્યા હતા. એક્સિસ માય ઈન્ડિયાના એક્ઝિટ પોલમાં લોકસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધન માટે ૩૬૧-૪૦૦ બેઠકોની આગાહી કરવામાં આવી હતી જેમાં ઉત્તર પ્રદેશની ૬૭ બેઠકોનો

સમાવેશ થાય છે જેની સંસદના નીચલા ગૃહમાં ૮૦ બેઠકો છે. પરંતુ વાસ્તવિક પરિણામો દર્શાવે છે કે ભાજપને ૨૪૦ બેઠકો મળી છે અને બહુમતીનો આંકડો ગુમાવી દીધો છે અને ઉત્તર પ્રદેશમાં માત્ર ૩૩ બેઠકો જીતી અને તે પાર્ટી માટે સૌથી મોટો અપસેટ સાબિત થયો છે. શ્રી ગુપ્તાએ જણાવ્યું હતું કે તે એક્સિસ માય ઈન્ડિયાની એક્ઝિટ પોલની આગાહી કરવાની પદ્ધતિ ખોટી નથી પરંતુ નિર્ણાયક રાજ્યોમાં સંસાધનોની ઓછી જમાવટ એ એક ભૂલ છે. અમારી ચૂંટણીની આગાહી કરવા માટે એક ફૂલપ્રૂફ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે... અમારી પદ્ધતિ ખોટી નથી પણ મેં મારા વરિષ્ઠ સંસાધનોની જમાવટમાં ભૂલ કરી હતી અને ઉત્તર પ્રદેશ જેવા નિર્ણાયક રાજ્યોને હળવાશથી લીધા હતા.

જો કે એનડીએ (ભાજપના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન) એ સરકાર બનાવી હતી, પરંતુ અમે આગાહી કરી હતી અને વાસ્તવમાં ભાજપને મળેલી બેઠકોની સંખ્યામાં ઘણો તફાવત હતો. અમે ખોટા સાબિત થયા. ત્રણ રાજ્યો જ્યાં અમે ખરાબ રીતે ખોટા પડ્યા હતા. તે યુપી, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્ર હતા. સંસાધનોની તૈનાત સહિત તેમની ક્યાં ભૂલ થઈ તે અંગેના તેમના વિશ્લેષણને સમજાવતા, ગુપ્તાએ કહ્યું કે, યુપીમાં, પૂર્વીય યુપી બેઠકોમાં નોંધપાત્ર તફાવત હતો. ૮૦માંથી ૪૧ બેઠકો પર પાંચમા, છઠ્ઠા અને સાતમા તબક્કામાં મતદાન થયું હતું.

દરમિયાન તે જ સમયે, હરિયાણા અને દિલ્હીમાં એક જ તબક્કામાં, પંજાબ અને હિમાચલ પ્રદેશમાં સાતમા તબક્કામાં ચૂંટણી હતી. ઓડિશા અને ઝારખંડમાં આ તબક્કામાં મતદાન થયું હોય તેવું પણ પ્રથમ વખત બન્યું છે. સામાન્ય રીતે, અગાઉના તબક્કામાં અન્ય રાજ્યો માટે ચૂંટણીઓ પૂરી થઈ જતી હતી અને છેલ્લો તબક્કો પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશ માટે થતો હતો. દિલ્હીમાં પણ રાજકીય માહોલ એવો હતો કે અરવિંદ કેજરીવાલ ચૂંટણી પહેલા જ જેલમાંથી બહાર આવ્યા હતા. આમઆદમી પાર્ટીની અસર પણ આ ત્રણ રાજ્યોમાં જ થવાની હતી. છેલ્લી ચાર ચૂંટણીઓમાં, ઉત્તર પ્રદેશ માટે આગાહીઓ યોગ્ય હતી પણ અમે યુપીમાં અમારા સુપર ડુપર સંસાધનોને પાંચમા, છઠ્ઠા અને સાતમા તબક્કામાં નિયુક્ત કર્યા ન હતા અને ત્યાં જ મેં ભૂલ કરી હતી. ૫૫ વર્ષીય આ પોલસ્ટર વિવાદનું કેન્દ્ર બની ગયા હતા જ્યારે વિપક્ષે આરોપ લગાવ્યો હતો કે તેણે

શેરબજારમાં હેરાફેરી કરવા માટે જાણીજોઈને ભાજપ માટે ક્લીન સ્વીપની આગાહી કરી હતી. તેમણે કહ્યું કે, ૩૧ સંસાધનો વિવિધ રાજ્યોમાં નિરીક્ષક, ટ્રેનર અથવા કોચ તરીકે મોકલવામાં આવ્યા હતા, ઉત્તર પ્રદેશમાં કોઈને મોકલવામાં આવ્યા ન હતા અને અહીં અમે ભૂલ કરી હતી.

૨૦૨૪ની ચૂંટણી એ આપણા માટે કોઈ પણ રાજ્યને હળવાશથી ન લેવાનું શીખવે છે. ૨૦૨૪ની ચૂંટણીઓ માટે, છટૈજ સ્અૈહદ્વૈક્રુ એ ૫૪૩ સભ્યોની લોકસભામાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધન માટે ૩૬૧-૪૦૧ બેઠકો અને વિપક્ષી ઈન્ડિયા જૂથ માટે ૧૩૧-૧૬૬ બેઠકોની આગાહી કરી હતી. તેમણે ખ્યું કે, ૬૪ કરોડ મતદારોમાંથી, અમે ૫.૮૨ લાખ મતદારો સાથે વાત કરી, જે પ્રતિનિધિત્વના નમૂનાનું કદ છે. અમે ૩,૬૦૭ વિધાનસભા મતવિસ્તારો, ૨૨,૦૦૦થી વધુ ગામોને આવરી લીધા છે. અમારા ઓન-ગ્રાઉન્ડ ઈન્ટરવ્યુ પર એક ટીમ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે. શ્રી ગુપ્તા હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી પાછા ફર્યા બાદ એક્સિસ માય ઈન્ડિયા ૨૦૧૩થી એક્ઝિટ પોલ ચલાવી રહ્યા છે અને ૬૯માંથી ૬૫ ચૂંટણીની સાચી આગાહી કરવાના ટ્રેક રેકોર્ડનો દાવો કરે છે. તેમણે કહ્યું કે, મારી ઓફિસમાંથી કોઈ પણ ડેટા લીક થઈ શકે એવી કોઈ શક્યતા નથી... આ રેકોર્ડ ક્લાઉડ સર્વર પર કંઈ નથી, ફક્ત આંતરિક સર્વર પર છે. ઓફિસમાં કોઈ મોબાઈલ ફોનની મંજૂરી નથી, કોઈ કમ્પ્યુટરમાં ઈન્ટરનેટ કનેક્શન નથી... અમને ડેટા વિશે આટલો વિશ્વાસ છે, લીક થવાનો કોઈ પ્રશ્ન જ નથી.

# ભારતીય શીખો પણ રહેશે હાજર પાકિસ્તાનમાં ફરીથી સ્થાપિત થશે મહારાજા રણજીતસિંહની પ્રતિમા

ઈસ્લામાબાદ, તા.૨૮

મહારાજા રણજિત સિંહની પુનઃસ્થાપિત પ્રતિમા પાકિસ્તાનના પંજાબમાં ફરીથી સ્થાપિત કરવામાં

આવશે. પંજાબ સરકારે કહ્યું કે બુધવાર કરતારપુર સાહિબમાં શીખ સામ્રાજ્યના પ્રથમ શાસક મહારાજા રણજીતસિંહની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે, જેથી ભારતમાંથી આવતા શીખ સમુદાયના લોકો પણ તેને જોઈ શકે. કરતારપુર સાહિબને ગુરુદ્વારા દરબાર સાહિબ તરીકે પણ ઓળખવામાં આવે છે અને તે લાહોરથી લગભગ ૧૫૦ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં ભારતીય સરહદની નજીક સ્થિત છે.

મહારાજા રણજીતસિંહની ૯ ફૂટની કાંસાની પ્રતિમા સૌપ્રથમ ૨૦૧૯માં લાહોરના કિલ્લામાં તેમની સમાધિ નજીક સ્થાપિત કરવામાં આવી હતી. જો કે, પાકિસ્તાનમાં કટ્ટરપંથી રાજકીય પક્ષ તહરીક-એ-લબૈક પાકિસ્તાનના કાર્યકરો દ્વારા બે વખત પ્રતિમાની તોડફોડ કરવામાં આવી હતી. પંજાબના પ્રથમ શીખ મંત્રી અને પાકિસ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધન સમિતિના અધ્યક્ષ સરદાર રમેશસિંહ અરોરાએ એક સમાચાર એજન્સીને જણાવ્યું કે, અમે બુધવારે બપોરે કરતારપુરના ગુરુદ્વારા દરબાર સાહિબ ખાતે મહારાજા રણજીતસિંહની પ્રતિમાનું અનાવરણ કરીશું. સ્થાનિક અને ભારતીય શીખોની હાજરી "ઈન્સ્ટોલ કરવા જઈ રહ્યા છીએ." શીખ મંત્રી અરોરાએ કહ્યું કે, પુનઃસ્થાપિત પ્રતિમા કરતારપુર સાહિબમાં રાખવામાં આવી રહી છે, જેથી ત્યાં આવતા ભારતીય શીખો તેના દર્શન કરી શકે. તેમણે પુનઃસ્થાપિત પ્રતિમાની સુરક્ષા માટે વધુ સારી સુરક્ષાની ખાતરી પણ આપી છે. મંત્રીએ કહ્યું કે મહારાજા રણજીતસિંહ સંધીના પુનઃસંગ્રહનું કામ શરૂ થઈ ગયું છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થશે.મહારાજા રણજિત સિંહ શીખ

સામ્રાજ્યના સ્થાપક હતા, જેણે ૧૯મી સદીની શરૂઆતમાં લાહોરમાં મુખ્ય મથક સાથે ઉત્તર-પશ્ચિમ ભારતીય ઉપખંડ પર શાસન કર્યું હતું. તેમની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં બુધવારે પ્રતિમાની સ્થાપના દરમિયાન ૪૫૫ ભારતીય શીખો હાજર રહેશે.

# ગીર સોમનાથમાં એનડીઆરએફ અને એસડીઆરએફ ટુકડીનું આગમન

## પ્રાકૃતિક, માનવક્ષતિ કોઈપણ સંકટને પહોંચી વળવા સક્ષમ છે : રાષ્ટ્રીય આપત્તિ રેસ્કયુ ફોર્સ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૮

સૌરાષ્ટ્રમાં મેઘરાજા ધમાકેદાર વરસાદ વરસાવી રહયા છે ત્યારે ચોમાસામાં પુર કે મકાન હોનારત ન બને અને બને તો તેને રેસ્કયુ કરવા ગીર સોમનાથમાં એનડીઆરએફની એક ટુકડી આવી પહોંચેલ છે. તેવીજ રીતે ગીર સોમનાથના દેલવાડા પાસે આવેલ સયકલોન સેલ્ટર ખાતે ગઈકાલે આવેલી એનડીઆરએફની ટીમ કોઈપણ પરિસ્થિતીમાંથી જાન-માલ ઉગારવા ખડેપગે એલર્ટ તથા સાબદી રખાયેલ છે.

સોમનાથ સાકયલોન સેન્ટર ખાતે એનડીઆરએફ ટુકડીનો મુકામ રાખવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં ચોમાસા આગોતરે ૮ એનડીઆરએફ ટુકડીઓ મોકલવામાં આવી છે. એક ટુકડીમાં ૩૦ તાલીમબધ્ધ જવાનો હોય છે. ટુકડીના ઈન્સ્પેકટર દિપક બાબુ અને કૈલાસ બાથમ છે. ટુકડી ઈન્સ્પેકટર દિપક બાબુએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, માનવ કે કુદરતી આપદાઓને પહોંચી વળવા અમારી પાસે ૪ રબ્બરની બોટ, લાઈફ જેકેટ, લાઈફ સેવર રીંગ, દોરડાઓ, ડૂબેલા માણસને શોધવા પાણીમાં ઉંડે સુધી જઈ શકાય અને જોઈ શકાય તેવા ડ્રીપ ડ્રાઈવ શુટ જવા તમામ પ્રકારના સાધનો તત્કાલ ઉપલબ્ધ અને સાથે હોય છે.

સંદેશા વ્યવહાર જો ફેઈલ જાય તો સેટેલાઈટ બેઈઝ સંદેશા વ્યવહારથી કામ કરાય છે. જો લાઈટ ઉપલબ્ધ ન હોય તો પોર્ટેબલ લાઈટથી પણ કામગીરી ચાલુ રાખીએ છીએ. તદ્‌ઉપરાંત વીજળી માટે જનરેટર સેટ પણ સાથે જ હોય છે. કોઈ પડેલ બિલ્ડીંગનો કાટમાળનો હથોડી, કુહાડી, ઈલેકટ્રીક કટર પણ અમારી પાસે જ હોય છે. આજરોજ આ વિસ્તારની માહિતી મેળવી અને સંભવત એક બે દિવસમાં પુરના પાણીના ભયજનક નીચાણવાળા વિસ્તારો અને તેનાથી પ્રભાવિત વિસ્તારની ભૌગોલિક સ્થિતી જાણવા વિઝીટ લઈ રહયા છીએ. ન માત્ર એટલું લોકોને કુદરતી આફતો સામે કેમ રક્ષણ મેળવવું તેની જાગૃતિ માટે સંપર્ક-મુલાકાત અને ડેમોસ્ટ્રેશન કરી લોકોને પોતાનો બચાવ પોતાની મેળે કરી શકે તેવી જાણકારી અપાશે. આ ટુકડીમાંના મોટાભાગનાએ સૌરાષ્ટ્ર અને ગુજરાતના જળ અકસ્માતો, ડૂબવાની મોટી ઘટનામાં ભાગ લઈ રેસ્કયુ કામગીરી કરેલ છે. હાલ રાજયમાં ફાયર સેફટી અંગે જે અભિયાન ચાલી રહયું છે તેવી સેફટી રેસ્યકુ પણ પ્રત્યક્ષ કે જાગૃતિ કાર્યક્રમોથી આપી રહેલ છે.

# જૂનાગઢ જમાતુલ આરબના તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ તા. ૨૮

જમાતુલ આરબ જૂનાગઢના તેજસ્વી તારલાઓનું ધો.૧થી કોલેજ સુધીના અભ્યાસ કરતા જમાતના તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનો કાર્યક્રમ સોરઠીયા ઘાંચી જમાતખાના ખાતે યોજાયેલ હતો. જેમાં ૧૭૦ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ હતા.

આ પ્રસંગે હારૂનભાઈ વિહળ તેમજ સોહેલ સિદીકીએ શિક્ષણના મહત્વ વિષે સંબોધન કર્યુ હતું. આ પ્રસંગે આરબ જમાતના હોદેદારો જેમાં પ્રમુખ અબાકરીમ શેખ, ઉપપ્રમુખ મજીદભાઈ મકારમ, સેક્રેટરી શફીકભાઈ હફફી અ.રજાક અબ્દાન, નાસીરભાઈ વગેરે ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન અલ્તાફભાઈ દ્વારા કરવામાં આવેલ હતું તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ જીલ્લામાં આર્થિક સુખાકારી ધરાવનારને સ્વેચ્છાએ એન.એફ.એસ.એ યોજનામાંથી નામ કમી કરવા અપીલ

જૂનાગઢ, તા.૨૮

સરકારશ્રી દ્વારા વિતરણ કરવામાં આવતું અનાજ એ ફક્ત ગરીબોની યોજના છે. જેથી ચાર પૈડાવાડા મોટરકાર, ટ્રેકટર, ટ્રક બસ વગેરે વાહનો ધરાવવતા હોય, યાંતત્રી માછીમારીની બોટ ધરાવતા હોઈ, કુટુંબોનો સભ્ય સરકારી કર્મચારી હોય, કુટુંબની માસીક આવક ૧૫ હજાર રૂપિયાથી વધુ હોય, કુટુંબનો સભ્ય આવકવેરો, વ્યવસાય વેરો, જે કુટુંબ ૫ એકર કે તેથી વધુ જમીન ધરાવતા હોય, કુટુંબનો કોઈ સભ્ય સરકારી પેન્શનર હોય અથવા કુટુંબ આર્થીક સુખાકારી સધ્ધરતા ધરાવતા હોય તો આવા કાર્ડ ધારકોને તા.૩૦ જૂન સુધીમાં સ્વેચ્છાયે એન.એફ.એસ.એ યોજના અંતર્ગત પોતાનું રેશન કાર્ડ આ યોજના માંથી સ્વેચ્છાએ કમી કરવા માટે મામલતદાર કચેરી, જૂનાગઢ શહેરની પુરવઠા શાખા ખાતે રેશનકાર્ડની નકલ જોડી અરજી સ્વરૂપે રજૂ કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચુક થશે તો તા.૧ જુલાઈથી ઝુંબેશ રૂપી તપાસમાં આર્થિક સુખાકારી હોવાના પુરાવા માલુમ પડે તો વહાવટ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે, તેમજ પાત્રતા ન ધરાવતા હોવા છતા લેવામાં આવેલ સરકારી રાશનની બજાર કિંમત મુજબની રકમ વસુલ કરવામાં આવશે તેવુ મામલતદાર કચેરી જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ખંભાળિયા સહિત રાજ્યની ૧૭ પાલિકાઓમાં ભુગર્ભ ગટર માટે કુલ રૂા. ૩૧૧.૨૩ કરોડના કામોને સૈદ્ધાંતિક મંજૂરી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

ગુજરાતના નગરોમાં વસતા નાગરિકોની સુવિધામાં વધારો કરવા દેવભૂમિ દ્વારકા જિલ્લાની ત્રણ સહિત રાજયની ૧૭ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર માટે કુલ રૂા. ૩૧૧.૨૩ કરોડના કામોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા મુખ્યમંત્રી સમક્ષ આ સંદર્ભમાં જે દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી, તેમાં ખંભાળિયાના ધારાસભ્ય અને વન મંત્રી મુળુભાઈ બેરાના પ્રયાસોથી તેમના મત વિસ્તાર દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળિયા, ભાણવડ, જામરાવલ તેમજ પોરબંદરની રાણાવાવ નગરપાલિકાના વિકાસ કામોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજયની લગભગ તમામ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર ભાગ-૧ ના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. ભાગ-૧ ના કામો પૂર્ણ થયા બાદ વિકાસ પામેલા વિસ્તારોમાં તેમજ આ કામોની જરૂરી સુધારણાને આવરી લેવા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ભુગર્ભ ગટર ભાગ- ૨ના કામોનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજયમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા, રાવલ અને ભાણવડ સાથે માંડવી (સુરત), જંબુસર, પાટડી, ખંભાત, ઓડ, રાણાવાવ, રાપર, માંડવી (કચ્છ), માળિયા-મિયાણા, ગણદેવી, કાલાવડ, સિક્કા, ધ્રોલ તેમજ ભાયાવદર નગરપાલિકામાં ભુગર્ભ ગટરના કામોને મંજૂરી આપવામાં આવી છે.

ભૂગર્ભ ગટર યોજના ભાગ - ૨ ના કામો પૂર્ણ કરવા દેવભૂમિ દ્વારકાની ખંભાળીયા નગરપાલિકાને રૂા. ૨૯.૯૨ કરોડ, જામ રાવલ નગરપાલિકાને રૂ. ૭.૦૬ કરોડ, ભાણવડ નગરપાલિકાને રૂા. ૫.૧૨ કરોડ, પોરબંદરની રાણાવાવ નગરપાલિકાને રૂા. ૨૪.૪૨ કરોડ, જામનગરની કાલાવડ નગરપાલિકાને રૂા. ૯.૭૯ કરોડ, સિક્કા નગરપાલિકાને રૂા. ૯.૯૮ કરોડ, ધ્રોલ નગરપાલિકાને રૂા. ૭.૫૪ કરોડ, કચ્છની માંડવી નગરપાલિકાને રૂા. ૨૯.૫૪ કરોડ, રાપર નગરપાલિકાને રૂા.૧૨.૪૦ કરોડની રકમના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

આ ઉપરાંત આણંદની ખંભાત નગરપાલિકાને રૂા.૨૭.૦૧ કરોડ, ઓડ નગરપાલિકાને રૂા. ૧૬.૫૨ કરોડ, સુરતની માંડવી નગરપાલિકાને રૂા. ૧૭.૭૨ કરોડ, ભરૂચની જંબુસર નગરપાલિકાને રૂા. ૬૦.૩૬ કરોડ, સુરેન્દ્રનગરની પાટડી નગરપાલિકાને રૂા. ૩૮.૧૨ કરોડ, મોરબીની માળિયા-મિયાણા નગરપાલિકાને રૂા. ૩.૯૬ કરોડ, નવસારીની ગણદેવી નગરપાલિકાને રૂા. ૬.૪૦ કરોડ તેમજ રાજકોટની ભાયાવદર નગરપાલિકાને રૂા. ૪.૨૯ કરોડ મળી કુલ રૂા. ૩૧૧.૨૩ કરોડની રકમના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

# રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા પદ્મ એવાર્ડ માટે માહિતી માંગવામાં આવી

જૂનાગઢ, તા. ૨૮

ગુજરાત સરકાર, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા પદ્મ એવોર્ડ એનાયત કરવા માટે માહિતી માંગવામાં આવેલ છે. તેથી તા.૮ જુલાઈ સુધીમાં કાર્યાલય સમય દરમ્યાન જુદા-જુદા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરી હોઈ અથવા સિદ્ધી હાંસલ કરી હોઈ કે વ્યક્તિ વિશેષ કે સંસ્થા વિશેષ જેઓ પદ્મ એવોર્ડ માટે યોગ્ય જણાતા હોઈ તેમની નોમીનેશન આપવા માટે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે માહિતી આપવી. વિસ્તૃત માહિતી **https://www.padmaawards.gov.in./AboutAwards.aspx** લિંક ઉપરથી મેળવવી. તેમજ મો.નં. ૭૮૫૯૯ ૪૬૯૮૪ ઉપર સંપર્ક કરવો. તેમ જિલ્લા રમત અધિકારીશ્રીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# દ્વારકા-સોમનાથ કોસ્ટલ હાઈવેની બંને બાજુ ૪૦ હજાર રોપાઓનું વાવેતર કરાશે





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૮

સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાથી સોમનાથ સુધીના આશરે ૨૦૦ કિમી લંબાઈના કોસ્ટલ હાઈવેની બન્ને બાજુ વન વિભાગ અને સદભાવના વૃદ્ધાશ્રમના સંયુકત ઉપક્રમે આશરે ૪૦,૦૦૦ જેટલા રોપાઓનું ૧૦×૧૦ મી.ના અંતરે વાવેતર કરવામાં આવશે. રાજયમાં ટ્રી કવર વધારવા સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા અગાઉ કરાયેલી કામગીરીને ધ્યાને રાખીને જ સદભાવના વૃદ્ધાશ્રમને 'હરિત વન પથ' યોજનાના અમલ માટે ભાગીદારસહ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજય મંત્રી મંડળની યોજાયેલી બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવકતા મંત્રી ઋષિકેશભાઈ પટેલે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માં 'હરિત વન પથ' યોજના મંજૂર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત રાજયમાં કુલ ૭૦ હેકટર વિસ્તારમાં આશરે ૭૦,૦૦૦ મોટા રોપાઓના વાવેતરનું આયોજન કરવામાં આવ્યું છે. હરિત વન પથ યોજના હેઠળ રાજયમાં ટ્રી કવર વધારવા અને રોડની બન્ને બાજુને હરિયાળી બનાવવા માટે ૫ ઠ ૫ મી. ના અંતરે ૬ થી ૮ ફીટના રોપા ટ્રી-ગાર્ડ સાથે વાવેતર કરવાની એક અગત્યની યોજના છે. આ યોજના અગાઉના વાવેતરો કરતાં વિશિષ્ટ અને અત્યંત અસરકારક મોડલ તરીકે તૈયાર કરવામાં આવી છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ગત ૧૦ વર્ષમાં આશરે ૨૫ લાખ કરતાં પણ વધારે વૃક્ષોનું વાવેતર કરીને ઉછેરવામાં આવ્યા છે.

મંત્રી પટેલએ વધુમાં જણાવ્યું હતું કે, દ્વારકા-સોમનાથ કોસ્ટલ હાઈવે ઉપર કરવામાં આવનાર વૃક્ષારોપણમાં રોપા દીઠ અંદાજે રૂા.૩,૦૦૦ ના ખર્ચે પ્રથમ વર્ષનું વાવેતર અને ત્રણ વર્ષ સુધીની જાળવણી સદભાવના વૃદ્ધાશ્રમ સંસ્થા દ્વારા કરવામાં આવશે. સંસ્થા પાસે તાંત્રિક માનવબળ, ટ્રેક્ટર્સ, ટેંકર્સ અને વૃક્ષારોપણ કામગીરી માટે તમામ સાધન સામગ્રી પણ ઉપલબ્ધ છે. માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમે લોક ભાગીદારીથી પી.પી.પી ધોરણે વનીકરણનું કામ કરવા ઈચ્છા દર્શાવી હતી. છેલ્લા ઘણા વર્ષોથી આ સંસ્થા દ્વારા ગુજરાત રાજ્યમાં રોડના મિડિયન, બન્ને બાજુ તેમજ અન્ય અનુકૂળ જગ્યાએ મોટા રોપા ટ્રી ગાર્ડ સાથે સફળતાપૂર્વક વાવેતર કરવામાં આવી રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમ-માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટ જિલ્લામાં વૃક્ષારોપણ માટે વન વિભાગ સાથે રૂા. ૧૦ કરોડના એમ.ઓ.યુ. **(MoU)** પણ કરવામાં આવ્યા હતા.

# માંગરોળ ઘાંચી મુસ્લિમ સમાજનાં પ્રમુખ મુહમ્મદહુસૈન ઝાલાના જામીન નામંજૂર કરતી કેશોદ સેશન્સ કોર્ટ

(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા. ૨૮

માંગરોળ મુસ્લિમ યુવકની કથીત સુસાઈટ નોટ સંદર્ભે ઘાંચી મુસ્લિમ સમાજના પ્રમુખ મુહમ્મદહુસૈન ઝાલાની જમીન અરજી કેશોદ સેશન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.

માંગરોળ ઘાંચી મુસ્લિમ સમાજના એક યુવકે ત્રણ માસ અગાઉ આત્મહત્યા કરી લીધી હતી અને ત્યારબાદ એક કથિત સ્યુસાઈડ નોટ અનુસંધાને માંગરોળ ઘાંચી મુસ્લિમ સમાજના પ્રમુખ મુહમ્મદહુસૈન ઝાલા અને યુવકના સાસરા પક્ષ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેના પગલે માંગરોળ પોલીસ દ્વારા ૩૦૬, અને ૩૮૭ જેવી ગંભીર કલમો લગાવી મુહમ્મદહુસૈન ઝાલા સહીત ચાર લોકોની ધરપકડ કરી હતી. ગત તા. ૧૫/૬/૨૪ એ સ્થાનિક કોર્ટે તમામના જામીન નામંજૂર કરી જેલ હવાલે કર્યા હતા.

માંગરોળ ઘાંચી સમાજના પ્રમુખ મુહમ્મદહુસૈન ઝાલા દ્વારા જામીન મેળવવા કેશોદની સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જેની નામદાર કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં નામદાર એડીશ્નલ સેશન્સ જજ મિલન દવેએ મુહમ્મદહુસૈન ઝાલાના જામીન નામંજુર કરતો હૂકમ કર્યો હતો કે, આરોપી ઉપર કલમ ૩૦૬, ૩૮૭ અને ૧૧૪ મુજબના ગંભીર આરોપો હોય, ગુજરનાર દ્વારા આરોપી પર ગંભીર આક્ષેપો થયેલા હોય, હાલમાં તપાસ નાજુક તબક્કામાં પસાર થઈ રહી છે. અન્ય આરોપીઓને પકડવાના બાકી હોય જે તમામ હકીકતો ધ્યાને લેતા હાલના તબક્કે અરજદારની જામીન અરજી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી તેવું અવલોકન કરી રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે.

# પૂણેમાં યોજાયેલ કરાટે ચેમ્પીયનશીપમાં રાજેશ ઠકકર કરાટે એકેડમીના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ






મુંબઈ, તા.૨૮

છત્રપતિ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ પૂણે ખાતે ગત તા.૦૭ થી ૦૯ જુન દરમ્યાન યુનીયન ઓફ ગોજુ-ર્યુ કરાટે-ડુ ફેડરેશન ઓફ ઈન્ડીયા દ્વારા આયોજીત કરાટે ચેમ્પીયનશીપનું આયોજન થયુ હતું. આ ચેમ્પીયનશીપમાં ભારત અને વિશ્વભરના ૫૦૦ જેટલા સ્પર્ધકોએ હાજરી આપી હતી. આ ચેમ્પીયનશીપમાં રાજેશ ઠકકર કરાટે એકેડમી-મુંબઈના વિદ્યાર્થીઓએ પણ પ્રતિનિધિત્વ કર્યુ હતુ. જેમણે પોતાની પ્રતિભાઓનું સુંદર પ્રદર્શન કર્યુ હતુ અને તેમની ટીમના દરેક સભ્યએ ઓછામાં ઓછો એક મેડલ અને પ્રમાણપત્ર મેળવી રાજેશ ઠકકર કરાટે એકેડમીનું ગૌરવ વધારેલ છે. આ તાલીમ માટે ભારતના રાષ્ટ્રીય કોચ સેનસેઈ કેવન ફટકીયાનો વિશેષ સહયોગ મળેલ હતો.


આ ચેમ્પીયનશીપને સફળ બનાવવા માટે પી.જે. હિન્દુ જીમખાના, સેન્ટમેરી, યુનીયન ઓફ ગોજુ-ર્યુ કરાટે-ડુ ફેડરેશન ઓફ ઈન્ડીયાના પ્રમુખ ધીરજ પવારની આગેવાની હેઠળ હેન્સી પીટર હાર્મ્સ, સેન્સેઈ બી.આર.મીત્રા, સેન્સેઈ ખાલેદ મન્સુર ચૌધરી, સેન્સેઈ ગણેશ દળવીઓએ જહેમત ઉઠાવી હતી. સેન્સેઈ રાજેશ ઠકકર (૭-ડીગ્રી બ્લેક બેલ્ટ) દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કેશોદ તાલુકામાં સાર્વત્રિક વરસાદ ન થતા ખેડુતો મુંઝાયા

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૨૮

ચોમાસાનો પ્રારંભ પંદર જુનથી થાય છે ત્યારે છેલ્લા ત્રણ ચાર વર્ષથી પંદર જુથ પહેલા મેઘરાજા મન મુકીને હેત વરસાવે છે. ગત વર્ષે દશથી બાર જુન સુધીમાં કેશોદ તાલુકામાં દશ ઈંચથી વધુ વરસાદ થયો હતો ત્યારે વાવણી કરવા થનગનતા ખેડુતોને વરાપની રાહ જોવી પડી હતી ત્યારે હાલના વર્ષે હજુ સુધીમાં નહીવત વરસાદ થયો છે. વાવણી લાયક ન કહી શકાય છતા અનેક ખેડુતોએ ભગવાનના ભરોસે સાહસ કરી વાવણીના શ્રીગણેશ કરી રહયા છે જો કે સમગ્ર તાલુકામાં સાર્વત્રિક વરસાદ થયો નથી એટલુ જ નહી અનેક ગામોમાં અમુક વિસ્તારમાં વરસાદ હોય જયારે બીજા વિસ્તારમાં માત્ર અમી છાંટણાં જ હોય તેવુ જોવા મળી રહ્યું છે



જેથી ખેડુતો મુંઝવણમાં મુકાયા છે અને જોઈએ એટલો વાવણી લાયક વરસાદ ન હોવાથી વાવણી કરવી કે ન કરવી એ મુંઝવણમાં ખેડુતો મુકાયા છે અને સાહસ કરીને વાવણી કરી તો મેઘરાજાનું ફરી થોડા દિવસો આગમન ન થાય તો મગફળીને પીયત આપવા પુરતું પાણી નથી ત્યારે મેઘરજા અમી દષ્ટિ રાખી મન મૂકીને હેત વરસાવે તેવી ખેડુતો આશા સેવી રહ્યા છે.

# રિજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ(સાયન્સ સિટી) દ્વારા માઈક્રો, સ્મોલ, અને મીડીયમ, એન્ટરપ્રાઈઝ (MSME) દિવસ નિમિત્તે ‘સ્ટાર્ટઅપ કાર્નિવલ’ કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૨૮

રિજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટમાં તારીખ ૨૭ જૂન ૨૦૨૪ ગુરુવારના રોજ માઈક્રો, સ્મોલ, અને મીડીયમ, એન્ટરપ્રાઈઝ (MSME) દિવસની ઉજવણી કરવામાં આવી. રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ, ‘લોકો માટે, લોકો દ્વારા’ થીમ આધારે વિવિધ વૈજ્ઞાનિક દિવસો, વિજ્ઞાનીઓના જન્મ દિવસો, શોધો અને વર્કશોપ્સ વગેરે આયોજિત કરે છે. રિજીયોનલ સાયન્સ સેન્ટર -રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રીન્યોરશિપ કાઉન્સિલ અને IDFC ફર્સ્ટ બેંકના સહયોગ અને સપોર્ટથી ’સ્ટાર્ટઅપ કાર્નિવલ’ કાર્યક્રમનું આયોજન કરી માઈક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝ (MSME) દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

દર વર્ષે તારીખ ૨૭ જૂનને માઈક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝ (MSME) દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ માઈક્રો, સ્મોલ, અને મીડીયમ, એન્ટરપ્રાઈઝ (MSME) ના વિકાસ અધિનિયમ હેઠળ લાભ આપવા માટે ઉજવવામાં આવે છે, જેનાથી શના સામાજિક આર્થિક વિકાસને લાભ મળે. તારીખ ૯ મે ૨૦૦૭ના રોજ ભારત સરકારના નિયમો, ૧૯૬૧ માં સુધારીને અગાઉના નાના પાયાના ઉદ્યોગ મંત્રાલય અને કૃષિ અને ગ્રામ્ય ઉદ્યોગ મંત્રાલયને ભેગા કરીને માઈક્રો,સ્મોલ, અને મીડીયમ એન્ટરપ્રાઈઝની (MSME) રચના કરવામાં આવી.

MSME એ આપણા દેશમાં સામાજિક આર્થિક વિકાસમાં મોટા ભાગે ફાળો આપે છે. MSME ને સમર્થન આપવું અને તેમને યોગ્ય પ્રમાણમાં પ્રોત્સાહન મળી રહે, તે જ ઉદ્દેશ્ય સાથે રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રીન્યોરશિપ કાઉન્સિલ અને IDFC ફર્સ્ટ બેંકના સહયોગ અને સપોર્ટથી ‘સ્ટાર્ટઅપ કાર્નિવલ’ નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એક્ષપર્ટ સેશન એન્ડ ઈન્ટરએક્શન તથા સ્ટાર્ટ અપ એકઝીબીશનનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં, લોકોને ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે કેવી રીતે આગળ વધવું તેના માર્ગદર્શન માટે રાજકોટની ઈન્મેસ્ટા, જે કે વેન્ચર સ્ટુડીયોના ફાઉન્ડર તથા સી.ઈ.ઓ. શ્રી જતીન કટારીયાએ ખાસ હાજરી આપી અને પ્રેરણાદાયી સેશન લીધો હતો અને ૧૦ જેટલા સ્ટાર્ટઅપે પ્રદર્શનમાં ભાગ લીધો હતો. સ્ટાર્ટ અપ કાર્નિવલ કાર્યક્રમની શરૂઆતમાં રિજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો. સુમિત વ્યાસ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્ટાર્ટ અપ અને એન્ટરપ્રીન્યોરશિપ કાઉન્સિલના CEO શ્રી પાર્થ સેજપાલ દ્વારા સ્ટાર્ટઅપ ઈનોવેશન ક્યાં અને કેવી રીતે કરવું તેની માહિતી મેળવવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી દ્વારા માર્ગદર્શન મેળવી શકાશે. ત્યારબાદ આ કાર્યક્રમને સહયોગ આપનાર ૈંડ્ઢહ્લઝ ફર્સ્ટ બેંકના કરંટ અકાઉન્ટ મેનેજર શ્રી પાર્થિવ ગાંધી દ્વારા આઈડિયાને કઈ રીતથી એક્ષ્પ્લોર કરવા તેમજ જિજ્ઞાશાવૃતિને કેળવવાની સલાહ આપી હતી. ત્યારબાદ આ કાર્યક્રમ ના મુખ્ય અતિથી શ્રીમાન જતીન કટારીયા કે જેઓ વ્યૂહરચનાકાર, વિચારક, પ્રક્રિયા શોધક અને પુનઃશોધ નિષ્ણાત છે, ૪૦+ દેશોના લોકો સાથે કામ કર્યું છે, ૧૦૦+ દેશોમાં નેટવર્ક ધરાવે છે, ૧૦+ વખત ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે, એ સાથે જે. કે. વેન્ચર સ્ટુડિયો ના સ્થાપક અને MD છે, તેમણે આ સેશનમાં MSME અને યુથ ની વ્યાખ્યા આપી અને લોકોને ઓઉટ ઓફ ધ બોકસ વિચારીને સપના જોવા જોઈએ તેમજ આઈડિયાની રજુઆત માટેના ૫ સ્ટેપ વિશે વાત કરી હતી. દરેકે પોતાના ઉદ્યોગોમાં કઈરીતે આગળ વધવું તની સમાજ આપી હતી. આ સીવાય શ્રી જતીન કટારીયાએ કેટલાક પ્રકારનાં સ્ટાર્ટઅપની માહિતી પ્રદાન કરી અને સાથે સાથે વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપ અંગેના પ્રશ્નોના જવાબો આપી માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ આ કાર્યક્રમને સહયોગ આપનાર IDFC ફર્સ્ટ બેંકના વડા દ્વારા બેન્કિંગ સિસ્ટમની જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્ટાર્ટઅપ અને એન્ટરપ્રીન્યોરશિપ કાઉન્સિલના ઝઈ શ્રી પાર્થ સેજપાલ દ્વારા આભાર વિધી કરવામાં આવી હતી. આ સાથે કાર્નિવલમાં ૧૦ જેટલા અલગ-અલગ સ્ટાર્ટ-અપ આવેલ હતા, જેમાં સોમાની આફરીન અને સેજપાલ નીલ દ્વારા સંતરીપ્ત આહાર, જોશી હાર્દિક અને રાવળ હાર્દિક દ્વારા નેચર ટેક્નોહાઈવ, મીન્ટુ નિમાવત અને ડૉ. નિશાંત ગોપલાણી દ્વારા બાયો પેકેજિંગ, ડોબરિયા માર્ગી દ્વારા સોપ બોટલ / એનવાયરમેન્ટ ફ્રેન્ડલી ટુથ બ્રશ, તુલસી શિયાની અને શાની ભલગામડીયા દ્વારા ગેલેક્ષી ઈકો એનર્જી, કોટારિયા ચિરાગ અને કોટારિયા સુરેશભાઈ દ્વારા કેમિકલ ફ્રિ પ્રીઝર્વેટીવ પ્રોડક્ટ, કાર્તિક વ્યાસ અને અમિત વ્યાસ દ્વારા વ્યોજર ઓટો પ્રા.લી., કાછીયા હિરલ, કૃપાલી અને સ્નેયાશ ધુલિયા દ્વારા જયશ્રી ફૂડટેક સ્ટાર્ટ અપ દ્વારા વિકસાવાયેલ ઉત્પાદનોનું પ્રદર્શનનું આયોજન રિજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકોટની આઈ.ટી.આઈ., મોદી સ્કુલ, ધોળકિયા સ્કુલ અને સ્વામીનારાયણ ગુરુકુળ સ્કૂલ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સીટી મળીને ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા “૨૫ જૂન કટોકટી-કાળો દિવસ” ક્રુરતાની યાદમાં કાર્યક્રમ યોજાયો




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૮

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી સાહેબ, સંગઠન મહામંત્રી આદરણીય શ્રી રત્નાકરજીની સૂચના અને રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારીશ્રી ધવલભાઈ દવે, રાજકોટ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાના માર્ગદર્શન મુજબ રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા માર્કેટિંગયાર્ડ,ગોંડલ ખાતે ૨૫ જુન કટોકટી-કાળો દિવસ કાર્યક્રમ પ્રદેશ કક્ષાએથી આવેલ વિષય વક્તા કચ્છ અંજારના ધારાસભ્યશ્રી ત્રિકમભાઈ છાંગા, કટોકટી વખતે કાળા દિવસના વિરોધમાં જેલવાસો ભોગવનાર શ્રી રણછોડભાઈ વઘાસીયા તેમજ શ્રી બાપુભા જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ રાજકોટ જીલ્લા ભાજપ હોદેદારો, જીલ્લા મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, મંડલના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, મંડલ સંગઠન,મંડલ મોરચાના સંગઠન સહીત જીલ્લા તેમજ તાલુકા સ્તરના કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં માર્કેટિંગયાર્ડ, ગોંડલ ખાતે "૨૫ જૂન કટોકટી દિવસ" વિષયે ગોષ્ઠિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે કચ્છના ધારાસભ્યશ્રી ત્રિકમભાઈ છાંગાએ ઉપસ્થિત સહુને ગોષ્ઠિ કાર્યક્રમમાં કટોકટી-કાળો દિવસની સ્મૃતિઓ, ઘટનાઓ અને યાદો વાગોળી મીશાવાસીઓનું અભિવાદન સાથે કટોકટી અંગે વિસ્તૃત ચર્ચા અને ગોષ્ઠી કરી જીલ્લાના આગેવાનોને આ કપરા કાળની યાદ અપાવી હતી.

આ કાર્યક્રમમાં કટોકટી વખતે કાળા દિવસના વિરોધમાં જેલવાસો ભોગવનાર શ્રી રણછોડભાઈ વઘાસીયા તેમજ શ્રી બાપુભા જાડેજાએ તે સમયના એમના અને એમના સાથીઓ સાથેના અનુભવો વિષેની વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીલ્લા મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ કર્યું હતું, તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

# ખંભાળિયામાં સવા ઈંચ વરસાદઃ કેશોદમાં વીજ ત્રાટકતા પરપ્રાંતિય શ્રમિકનું મૃત્યુ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

ખંભાળિયા પંથકમાં અવિરત રીતે જારી રહેલા બફારા અને વરસાદી વાતાવરણ બાદ ગઈકાલે ગુરુવારે બપોરે પુનઃ ધીમા તથા ભારે ઝાપટા રૂપે વરસાદ વરસ્યો હતો. જેમાં બપોરે ૪ વાગ્યા સુધી માં ૧૯ મી.મી. પાણી વરસી જતા શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. આ સાથે કલ્યાણપુર તાલુકામાં પણ ૯ અને દ્વારકામાં ૨ મી.મી. વરસાદ વરસી જવા પામ્યો છે. ખંભાળિયા તાલુકામાં જિલ્લાનો સૌથી વધુ ૩૯૦ મી.મી. વરસાદ થયો છે. જ્યારે ભાણવડ ૧૦૮, કલ્યાણપુર ૬૭ અને દ્વારકા તાલુકામાં કુલ ૪૬ મી.મી. વરસાદ નોંધાયો છે. ગઈકાલે ગુરુવારે બપોરે વીજળીના ગડગડાટ સાથે વરસેલા વરસાદના કારણે ખંભાળિયા તાલુકાના આહિર સિંહણ ગામે રહેતા અને કેશોદ ગામના વાડી વિસ્તારમાં કામ કરી રહેલા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના વતની એવા પરપ્રાંતીય શ્રમિક બલ્લુભાઈ મેહતાબ અલાવા નામના ૫૨ વર્ષના આધેડના વાંસાના ભાગે આકાશી વિજ ત્રાટકતા તેમને ઈમરજન્સી ૧૦૮ ના સ્ટાફે સી.પી.આર. સારવાર આપી, અહીંની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. જે અંગેની જાણ મૃતકના પત્ની રૂખડીબેન અલાવાએ પોલીસને કરી છે. આ ઉપરાંત અન્ય એક ગ્રામ્ય વિસ્તારમાં આકાશી વીજ ત્રાટકતા કેટલાક પશુઓના પણ મોત નિપજ્યા હતા. ગઈકાલે સવારથી રાબેતા મુજબ વરાપ નીકળ્યો હતો અને ગરમી સાથે સૂર્યનારાયણના દર્શન પણ થયા હતા.

# મેંદરડા ઉપરવાસમાં ધમધોકાર વરસાદથી મધુવંતી નદીમાં આવ્યા નવા નીર



જૂનાગઢ,તા.૨૮

જૂનાગઢમાં મેઘરાજા છેલ્લા કેટલાક દિવસોથી મહેરબાન થયા છે અને સાર્વત્રિક વરસી રહ્યા છે. જિલ્લાના અનેક તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. જેમા મેંદરડાના ઉપરવાસમાં વધુ વરસાદ થતા નવા નીર આવ્યા છે. મધુવંતી નદીમાં નવા નીર આવતા ખેડૂતો ખુશખુશાલ થયા છે.

જૂનાગઢમાં મેઘરાજાની ધમાકેદાર બેટીંગ યથાવત છે. વાત કરીએ માણાવદર પંથકની તો અહીં ગાંધી ચોક, પટેલ ચોક, સિનેમા ચોક, મિતડી દરવાજા સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. વરસાદ થતા ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી છે.આ તરફ ગીર પંથકમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે.

મેંદરડાના ઉપરવાસમાં વધુ વરસાદ થતા નદીમાં નવા નીર આવ્યા છે. મધુવંતી નદીમાં નવા નીરની આવક થતા ખેડૂતોમાં ખુશી પ્રસરી છે. કેટલાક સ્થળોએ ધોધમાર વરસાદે મુશ્કેલી વધારી છે. ઝાંઝરડા અંડરબ્રિજમાં પાણી ભરાતા વાહનચાલકો ફસાયા છે. જેસીબી, ટ્રેક્ટર અને કાર સહિતના વાહનો પાણીમાં ફસાયા હતા અને લોકોએ ધક્કા મારીને બહાર કાઢવાની ફરજ પડી હતી.

આ તરફ ગીરનાર પર્વત પર વરસાદે ધમાકેદાર બેટીંગ કરતા ગીરનાર પર્વત પરના આહ્લાદક દશ્યો સામે આવ્યા છે. અંબાજીના દર્શન કરવા જતા ભાવિકોએ વરસાદની મજા માણી હતી. ગીરનારના જંગલમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. આ તરફ જિલ્લાના માળિયા હાટીનાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ ખાબક્યો છે. આંબેચા, જલંધર, અમરાપુરમાં ધોધમાર વરસાદ થયો છે. માળીયા હાટીના પંથકમાં પણ ધોધમાર વરસાદ ખાબક્યો છે.

# શેરીયાજ પ્રાથમિક શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ યોજાયો



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૮

માંગરોળના શેરીયાજ ગામે શેરીયાજ પ્રાથમિક શાળા, પટ્ટી સીમશાળામાં તેમજ રંગાલી સીમશાળા દ્વારા નાના ભૂલકાઓને દફ્તર આપી કુમકુમ લગાવી પ્રવેશ કરાવ્યો જેમાં પાણી પુરવઠા અધિકારી શ્રી વરુ સાહેબ, માંગરોળ તાલુકા ભાજપ મહામંત્રી શ્રી દાનાભાઈ ખાંભલા, સી.આર.સી ગોવિંદભાઈ નંદાણીયા, રણજીતભાઈ રાઠોડ,આગેવાન ભુરાભાઈ વાડલીયા, ત્રણે શાળાના આચાર્યશ્રીઓ શિક્ષકો વાલીઓ હાજર રહી બાળકોને પુસ્તકો અને સ્ટેશનરી વગેરે અર્પણ કરી બાળકોને પ્રોત્સાહિત કરેલ તેમજ તેમજ દાનાભાઈ ખાંભલા દ્વારા ઉદબોધનમાં શાળાના આચાર્ય શિક્ષકો ની કામગીરીને બિરદાવી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામા આવી સાથે સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની પર્યાવરણ ને સંતુલિત કરવાની પ્રેરક વાત "એક પેડ મા કે નામ" હરિયાળા પર્યાવરણ નિર્માણની નેમ સાથે ગામના દરેક વૃક્ષો વાવે તેવા પ્રચાર પ્રસાર માટે શાળા પટાંગણમાં પ્રતિકાત્મક વૃક્ષારોપણ કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં શિક્ષકો વિદ્યાર્થીઓ વાલીઓ ખૂબ સારી એવી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# માંગરોળ તાલુકાની આરેણા પે.સે. શાળામાં શાળા પ્રવેશોત્સવની



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૮

આરેણા ગામની આરેણા પે.સે.શાળા તથા સ્વ.એસ.આર.નંદાણિયા માધ્યમિક શાળાનો સંયુક્ત પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં માંગરોળ તાલુકાના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પાણી પૂરવઠા બોર્ડના શ્રી વરૂસાહેબ તથા રૂટ લાયઝન અધિકારી શ્રી નંદાણિયા ગોવિંદભાઈ,સી.આર.સી.આરેણા શ્રી રાઠોડ સાહેબ તથા ગ્રામ પંચાયતના સરપંચશ્રી બચુભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

નાના ભુલકાઓને બાલવાટિકામાં પ્રવેશ, આંગણવાડીના બાળકોનો પ્રવેશ તથા ધોરણ.૯ માં પ્રવેશ પામતા બાળકોને પ્રવેશોત્સવ કાર્યક્રમમાં પ્રવેશ અપાવ્યો.

કાર્યક્રમનું સંચાલન આરેણા પે.સે.શાળાના યશ વિજયભાઈ મકવાણા તથા માધ્યમિક શાળાની વિદ્યાર્થીની જેઠવા રેહાનાબેન મુસાભાઈ ના માર્ગદર્શક પ્રતિક્ષાબેન ઝણકાટ રહી સંચાલન કરવામાં આવ્યું.

બંન્ને શાળાના તમામ સ્ટાફની જહેમતના કારણે સફળ કાર્યક્રમ યોજાયો. જેમાં વાલીગણ, આગેવાનોએ સારો સહકાર આપ્યો હતો.

# દ્વારકાના સૂર્યનારાયણ તથા રાંદલ માતાજીના મંદિરના જીર્ણોદ્ધાર પ્રસંગે રવિવારે હવન,મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૮

દ્વારકાધીશ દેવસ્થાન સમિતિ હસ્તક દ્વારકાના કકલાશ કુંડ પાસે આવેલ પ્રાચીન અને ઐતિહાસીક શ્રી સૂર્યનારાયણ તથા શ્રી રાંદલ માતાજીના મંદિરના જીર્ણોદ્ધાર પ્રસંગે આગામી તા ૩૦/૦૬/ ૨૦૨૪ ના રવિવારના રોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે તા.૩૦ મીને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી સાંજના ૬:૩૦ સુધી હવન,સાંજે ૭:૦૦ કલાકે મહાઆરતી,રાંદલ માતાજીની કથા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.આ પ્રસંગે દર્શન કરવા આવનાર દરેક ભક્તો હવનમાં આહુતિ આપી શકશે હવનના આચાર્યપદે બકુલભાઈ સાતા રહેશે.સર્વે ધાર્મિક કાર્યક્રમનો શહેરના માઈભક્તોને લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# ગીરસોમનાથમાં તાલાલા-વેરાવળ પંથકમાં ખાબક્યો ધોધમાર વરસાદ



ગીર સોમનાથ,તા.૨૮

ગીર સોમનાથના તાલાલા-વેરાવળના કેટલાક ગામોમાં વરસાદ પડ્યો છે. વેરાવળના માથાસુરીયા, લુંભા અને કોડીદ્રા ગામે વરસાદ પડ્યો છે. ભારે વરસાદને કારણે રસ્તાઓ પાણીપાણી થતા રસ્તા પરથી પાણીની નદીઓ વહેતી થઈ છે. ગીરસોમનાથ જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજા મહેરબાન થયા છે અને તેમનુ હેત વરસાવી રહ્યા છે. છેલ્લા થોડા દિવસોથી જિલ્લાના અનેક તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર થઈ રહી છે. સૂત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો છે. જેમા ધામલેજ, રાખેજ, કણજોતર, સિંગસરમાં વરસાદ પડી રહ્યો છે. દરિયાકાંઠઆના ગામોમાં વરસાદ શરૂ થતા ગામલોકોને એલર્ટ કરવામાં આવ્યા છે. આ તરફ તાલાલા અને વેરાવળના કેટલાક ગામોમાં વરસાદ પડ્યો છે. વેરાવળના માથાસુરીયા, લુંભા અનો કોડીદ્રા ગામે વરસાદ પડ્યો છે આંબળાસ ગામના રસ્તાઓ પાણી પાણી થયા છે. માથાસુરિયા ગામે વોકળામાં ધસમસતો પાણીનો પ્રવાહ વહેતો થયો છે. ઉના તાલુકામાં પણ મેઘરાજાનું આગમન થયુ છે. વરસાદની શરૂઆત થતા ખેડૂતોમાં ખુશી છવાઈ છે. ધીમી ધારે વરસાદ શરૂ થયો છે. કાચા સોના સમાન વાવણીલાયક વરસાદ થતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. ગત રોજ ઉના અને ગીર ગઢડા તાલુકામાં ચોમાસાની સીઝનનો અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો. ૪ થી ૫ ઈંચ સારો વરસાદ પડે તો વાવણી થઈ શકશે તેવુ ખેડૂતોનુ કહેવુ છે.

# વરસાદનાં પ્રથમ રાઉન્ડમાં જ આણંદપુર ડેમ, ઉબેણ વિયર ડેમ ઓવરફલો : હસ્નાપુરમાં નવા નીરની આવક





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેર જીલ્લામાં સાર્વત્રીક મેઘમહેર થઈ છે. વિસાવદર તાલુકા તેમજ ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે જૂનાગઢને પાણી પુરૂ પાડતો અદઝત નદીપર આવેલ આણંદપુર ડેમ ઓવરફલો થઈ ગયો છે. જયારે આણંદપુર વિયર અને કેરાળા ગામ પાસે આવેલ ઉબેણ વિયર ડેમ પણ ઓવરફલો થયો છે. જયારે જૂનાગઢની જીવાદોરી સમાન હસ્નાપુર ડેમમાં નવા નીરની આવક થઈ છે. અને મનપાનાં સુત્રોનાં જણાવ્યા મુજબ હસ્નાપુર ડેમ ૩૭ ટકા ભરાઈ ગયો છે.

જયારે ઓઝત વિયર અને ઉબેણ વિયર ઓવરફલો થયો છે. જૂનાગઢ તાલુકાના કેરાળા ગામ પાસે આવેલા ઉબેણ વિયર કેરાળા અને આણંદપુર નજીક આવેલ આણંદપુર વિયર જળાશયમાં પાણીની આવક થતા બંને વિયર ઓવરફલો થયા છે. ઉબેણ વિયર ઓવરફલો થતા નીચવાસમાં આવતા કેરાળા, મજેવડી, તલીયાધર, વધાવી, વાલાસીમડી, વાણંદીયા, વંથલીના બાલોટ, ધંધુસર અને વંથલીને એલર્ટ કરવામાં આવ્યા છે. જયારે આણંદપુર ઓઝત વિયર ઓવરફલો થતા આણંદપુર, વંથલીના રાયપુર, સુખપુર અને મેંદરડાના નાગલપુરને એલર્ટ કરવામાં આવ્યા છે. ત્યારે વરસાદને લઈને મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન અને રાહત બચાવની કામગીરીની પૂર્વ તૈયારી કરી લેવાઈ છે. આ અંગે કમિશ્નર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું છે કે, શહેરમાં સરેરાશ ૧૦૫૧ મીમી વરસાદ પડે છે. ૨૭જૂન ૨૦૨૩ સુધીમાં ૨૦૩ મીમી અને ૨૦૨૪માં ૧૪૦ મીમી વરસાદ પડ્યો છે. શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા ડેમોમાં આણંદપુર ૧૦૦ ટકા અને હસ્નાપુર ડેમ ૩૭.૦૯ ટકા ભરાયેલો છે. વરસાદને લઈ મનપા દ્વારા રાઉન્ડ ધ ક્લોક કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો છે. કાળવાના વોકળામાં કાંપ ૯ કિમીમાં છે જેમાંથી ૭ કિમીમાં કાંપ ખાનગી એજન્સીએ કઢાયો છે. જયારે ૨.૭ કિમીમાંથી ૨ કિમીમાં કાંપ મનપાએ કાઢ્યો છે. બાકીની ૭૦૦ મિટરની કામગીરી પણ પૂર્ણતાના આરે છે. આ કામગીરીના કારણે વોકળાની પાણીની ક્ષમતા ૧,૫૬,૦૦૦ ક્યુબિક મિટર વધી જશે. શહેરના ૨૨ વોકળામાં ૧૩,૩૩૦ મિટરની લંબાઈની પ્રથમ રાઉન્ડની સફાઈ પૂર્ણ કરાઈ છે. બીજા રાઉન્ડમાં ૮,૪૧૦ અને ત્રીજા રાઉન્ડમાં ૧,૨૪૦ મિટરમાં સફાઈ પૂર્ણ કરાઈ છે. કાળવા તેમજ અન્ય વોકળાના વહેણને અવરોધરૂપ ૩૦૩ વૃક્ષો દૂર કરાયા છે, મુખ્ય માર્ગો નજીકના જોખમી ૧૪ વૃક્ષોનું સ્થળાંતર કરાયું છે. ગત વર્ષે વરસાદથી નુકસાન થયેલ ૩૫૦ મિટરની પ્રોટેકશન વોલમાંથી ૨૬૦ મિટરની વોલની કામગીરી પૂર્ણ કરાઈ છે.

## જૂનાગઢ શહેર-જીલ્લામાં અપમૃત્યું ૩ બનાવો

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ શહેર-જીલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૩ અપમૃત્યુંના બનાવો નોંધાયા છે. તેમાં જૂનાગઢ શહેરનાં બિલખા રોડ સ્થિત હનુમાન ચોક, આંબેડકરનગર ખાતે રહેતા ખોડાભાઈ બાવનભાઈ પરમાર (ઉ.વ. ૫૦)એ કોઈ કારણ સબબ પોતાની મેળે ઝેરી દવા પી જતાં મરણ ગયેલ છે. જયારે બીજા બનાવમાં ભેંસાણ તાલુકાનાં ગળથ ખાતે મરણજનાર જીવતીબેન ખોડાભાઈ કાલરીયા (ઉ.વ. ૭૦) નામનાં વૃધ્ધ મહિલાએ પોતાનાં ઘરે કોઈપણ અગમ્ય કારણોસર એસીડ પી જતાં સારવાર દરમ્યાન મરણ ગયેલ છે. જયારે ત્રીજા બનાવમાં કેશોદ શહેરમાં ગોપાલનગર ખાતે રહેતા રાજેશભાઈ ગાંડાભાઈ દરજી (ઉ.વ. ૫૨) માથરૂમમાં પડી જતાં મૃત્યું પામેલ છે.

# જીએમઈઆરએસ મેડિકલ કોલેજને આઠ વાર નોટિસ પાઠવ્યા છતાં હજુ ફાયર સેફટીની કામગીરી પૂર્ણ થઈ નથી

**ફાયર સેફટીના અભાવે શૈક્ષણિક કાર્ય બંધ કરવા મનપાની નોટિસ : વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે શૈક્ષણિક કાર્ય બંધ નહી રહે, દુર્ઘટના બને તો જવાબદારી અમારી : ડીન**



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

સરકારના નિયમોનું સરકારી વિભાગોમાં જ પાલન થતું નથી. જૂનાગઢની જીએમઈઆરએસ મેડિકલ કોલેજને અનેકવાર નોટિસ આપવા છતાં હજુ સુધી ફાયરના સાધનોનું ફિટીંગ થયું નથી. જેના લીધે ફાયર વિભાગ દ્વારા મેડિકલ કોલેજનું શૈક્ષણિક કાર્ય બંધ કરવા માટે નોટિસ આપવામાં આવી છે. જો કોઈ દુર્ઘટના બનશે તો તેના માટે મેડિકલ કોલેજના ડીનની જવાબદારી રહેશે.

બીજી તરફ મેડિકલ કોલેજના જવાબદાર અધિકારીઓએ શૈક્ષણિક કાર્ય બંધ રાખવા માટે સ્પષ્ટ ઈન્કાર કરી રહ્યું છે કે, ફાયરના સાધનો લગાડવાની કામગીરી ચાલી રહી છે અને કોઈપણ દુર્ઘટના થાય તો તેની જવાબદારી લેવા અમે તૈયાર છીએ. સરકાર દ્વારા ફાયર સેફટીના નિયમોનું પાલન કરાવવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જૂનાગઢમાં ફાયર એનઓસી મુદ્દે રોજબરોજ અનેક બિલ્ડીંગોને નોટિસો આપવામાં આવી રહી છે. જૂનાગઢની જીએમઈઆરએસ મેડિકલ કોલેજને આઠ વાર નોટિસ આપવા છતાં પણ હજુ સુધી ફાયરના સાધનોનું સંપૂર્ણ ફિટીંગ થયું નથી. હવે મનપાના ફાયર વિભાગ દ્વારા મેડિકલ કોલેજના ડીનને નોટિસ આપી શૈક્ષણિક કાર્ય બંધ કરી દેવા સુચના આપવામાં આવી છે અને જો કોઈ દુર્ઘટના થશે તો તેની જવાબદારી ડીનની રહેશે. આ અંગે ફાયર વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, મેડિકલ કોલેજનું હાઈરાઈઝ બિલ્ડીંગ છે તેમાં ફાયર સેફટી ભવિષ્યના તબીબો માટે ખુબ જ જરૂરી છે.

આ મુદ્દે અનેકવાર નોટિસ આપવા છતાં હજુ આજ દિન સુધી કામગીરી કરવામાં ન આવતા હવે શૈક્ષણિક કાર્ય બંધ રાખવા નોટિસ આપી છે. કેમ કે, કોઈપણ જાતની દુર્ઘટના બને તો શું કરવું? આ અંગે ગાંધીનગર સુધી પત્રવ્યહારો પણ કરવામાં આવ્યા છે. હાલમાં મેડિકલ કોલેજમાં ફાયરના સાધનો ફિટીંગ કરવાની કામગીરી ૫૦ ટકા પૂર્ણ થઈ ગઈ છે પણ સંપૂર્ણ કામ પૂર્ણ થયા બાદ શૈક્ષણિક કાર્ય શરૂ થાય તે હિતાવહ છે. આ અંગે મેડિકલ કોલેજના ઈન્ચાર્જ ડીન પૃથ્વીરાજસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની નોટિસ મળી છે પરંતુ ભવિષ્યના તબીબો માટે અભ્યાસ ખુબ જ જરૂરી છે. ફાયર સેફટી માટેનું ૮૦ ટકા કામ પૂર્ણ કરી દીધુ છે. આ અંગેનો જવાબ પણ આપી દીધો છે. સમય મર્યાદામાં અભ્યાસક્રમ પૂર્ણ કરાવવો પણ જરૂરી હોવાથી શૈક્ષણિક કાર્ય બંધ રાખી શકાય નહી. કોઈપણ દુર્ઘટના બને તેની જવાદારી લેવા અમો તૈયાર છીએ.

## જોષીપરા અન્ડરબ્રિજ નજીકના વોકળામાં જેસીબી ખાબક્યું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરના જોષીપરા અંડરબ્રિજ પાસેથી પસાર થતા વોકળાની મહાનગર-પાલિકા દ્વારા સફાઈની કામગીરી ચાલી રહી હતી. વરસાદી પાણીનો નિકાલ થઈ શકે તે માટે સફાઈની આ કામગીરી જેસીબીથી કરાઈ રહી હતી. ત્યારે વોકળાની સફાઈની કામગીરી દરમ્યાન અચાનક દિવાલ ધસી પડી હતી જેના કારણે ડ્રાઈવર સાથેનું જેસીબી વોકળામાં ખાબક્યું હતું. જોકે, સદનસીબે આ અકસ્માતમાં જેસીબીના ચાલકનો સામાન્ય ઈજા સાથે બચાવ થયો હતો.

## ડ્રગ્સ કેસમાં બંને શખ્સોના રિમાન્ડ પૂર્ણ થતા કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢમાં ૨૨.૧ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપાયેલ વિદ્યાર્થી સહિત આરોપીને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. ૨૩ જૂનના રોજ જૂનાગઢનો વિદ્યાર્થી યુગાંત હરેશ વાઘમશી અને ધવલ જગદીશ સીસાંગીયા રૂપિયા ૨.૨૧ લાખની કિંમતના ૨૨.૧ ગ્રામ ડ્રગ્સ સાથે ઝડપાયા બાદ તપાસનીશ તાલુકા પીએસઆઈ ડી. કે. સરવૈયાએ બંનેને ૩ દિવસનાં રિમાન્ડ ઉપર મેળવી વધુ તપાસ હાથ ધરી હતી. રિમાન્ડ દરમ્યાન આ શખ્સો કોને ડ્રગ્સ આપતા હતા તે અંગે માહિતી મળતાં પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી હતી. દરમ્યાન બંનેનાં રિમાન્ડ પૂરા થતા કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કરતાં પોલીસે આરોપીને જૂનાગઢ જેલમાં મોકલી આપ્યા હતા. અત્રે ઉલ્લેખની છે કે, ધીમે-ધીમે ડ્રગ્સનું દુષણ કોલેજીયન, વિદ્યાર્થીઓ, યુવાનોમાં વધતું જતું જોવા મળી રહ્યું છે. જેને અટકાવવા માટે જૂનાગઢ પોલીસ દ્વારા અવેરનેશ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે અને ડ્રગ્સ માફિયાઓને પકડવા માટે જૂનાગઢ પોલીસ સજાગ બની છે.

# મેંદરડાની સીમમાં ત્રણ વર્ષનાં બાળકને દીપડાએ ફાડી ખાધો : દીપડાના આતંકથી સ્થનિકોમાં ભય



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

મેંદરડા તાલુકાનાં અમરગઢ રોડ ઉપરની સીમમાં ગત રાત્રીના પરપ્રાંતીય શ્રમિકના ૩ વર્ષનાં બાળકને દીપડાએ ફાડી ખાધો છે. બાળકના પિતા કોઈ કામ સબબ બહાર ગયા હોય અચાનક આવી જોતા તેમનું સંતાન જોવા નહીં મળતાં શોધખોળ હાથ ધરી હતી. શોધખોળ દરમ્યાન તેમના ખેતરની આસપાસ લોહીના ધાબા મળતા કંઈક અજુગતું થયું હોવાની આશંકા વચ્ચે વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગે તપાસ કરતા બાળકનો મૃતદેહ દીપડાએ ફાડી ખાધેલી હાલતમાં મળતા ગમગીની વ્યાપી છે. દીપડાના આતંકથી સ્થાનિક ખેડૂતો તથા લોકોમાં ફફડાટ મચી ગયો છે. અમરગઢ રોડ ઉપર ખાનગી શાળા પાસેના ખેતરમાં મૂળ મધ્યપ્રદેશનાં પરપ્રાંતીય શ્રમિક ખેતીકામ કરી પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવે છે.

પ્રકાશભાઈ ગેલાભાઈ જામર ગત મોડી સાંજે કોઈ કામ સબબ મોટરસાઈકલ લઈ મેંદરડા ગયા હતા. પ્રકાશભઈનો ત્રણ વર્ષનો પુત્ર રોહિત ત્યાં ખેતરમાં રમતો હતો. અચાનક આવી ચડેલો દીપડો રોહિતને ઉપાડી નજીકના ખેતરમાં લઈ ગયો હતો. રોહિતનો કમરનો ભાગ અને પેટની નીચેનો ભાગ દિપડો ખાઈ ગયો હતો. આ સમગ્ર ઘટના વચ્ચે પ્રકાશભાઈ ખેતરે આવતા રોહિત ક્યાંય જોવા ન મળ્યો જેથી પ્રકાશભાઈએ તેના પુત્રની શોધખોળ હાથ ધરી અને આસપાસના લોકોને જાણ કરતા તેઓ પણ રોહિતને શોધવા કામે લાગ્યા હતા. રોહિતની શોધખોળ કરતા હતા તેવામાં તેના મકાનથી ૨૦૦ મીટર દુર લોહીના ધાબા જોવા મળતા આસપાસના લોકોએ તુરંત જ વન વિભાગને જાણ કરતા મેંદરડા વન વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી તપાસ કરતો હતો તેવામાં રોહિતનો મૃતદેહ મળ્યો હતો. રોહિતનો જે જગ્યાએ મૃતદેહ મળ્યો તેની આસપાસના વિસ્તારમાં દિપડાના સગડ જોવા મળ્યા હતા અને રોહિતને દિપડાએ ખાધો હોવાનું મૃતદેહ ઉપરથી સાબિત થયું હતું. વન વિભાગ દ્વારા મૃતદેહને પીએમ અર્થે મેંદરડાની હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જયારે દિપડાને પકડવા માટે ગત રાત્રીના જ પાંજરા મુકી દેવામાં આવ્યા હતા. ત્યાર બાદ કુલ પાંચ અલગ-અલગ જગ્યાઓ ઉપર પાંજરાઓ મુકી દિપડાને પકડવા માટેની વન વિભાગે કવાયત હાથ ધરી છે. આદમખોર દિપડાના કારણે આસપાસના વિસ્તારમાં ભય ફેલાયો છે. તાત્કાલીક વન વિભાગ દિપડાને પડકી પાડે તેવી માંગ ઉઠી છે. દરમ્યાન હજુ બે-ત્રણ દિવસ પહેલા જ મેંદરડાના વાલમ ચોકના મકાનની પાણીની ટાંકીમાં દિપડો પાણી પીતો હોવાનો વિડીયો વાયરલ થયો હતો. જેથી આ વિસ્તારમાં દિપડો વસવાટ કરતો હોવાનું સ્પષ્ટ છે. રોહિત નામના બાળકને વાલમ ચોક નજીક પાણી પીતા દિપડાએ ફાડી ખાધો કે અન્ય દિપડાએ તે દિપડો

## જૂનાગઢમાં યુવતીનો પીછો કરી માનસિક ત્રાસ આપતા બે શખ્સ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢમાં રહેતી અને ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી યુવતી સવારે ઘરેથી ફરજ ઉપર જાય ત્યારે નિતીન સિધ્ધપુરા અને તેનો મિત્ર યુવતીની સામે જોઈ બિભત્સ વાતચીત કરી જોરજોરથી હસતા અને અવાર-નવાર પીછો કરી માનસિક ત્રાસ આપતા હતા. નિતીને યુવતીના ઘરે જઈ યુવતીના માતા અને ભાઈને ગાળો આપી મકાન ખાલી કરાવવા ધમકી આપી હતી. આ અંગે ફરિયાદ થતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## લગ્નની લાલચ આપી ૧૭ વર્ષની સગીર વિદ્યાર્થિની ઉપર દુષ્કર્મ આચર્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

લગ્નની લાલચ આપી વિદ્યાર્થિની ઉપર મોણીયાનાં શખ્સે દુષ્કર્મ આચરી લગ્ન નહિ કરતા સગીરાએ રાવ કરતા પોલીસે તપાસ હાથ ધરી આરોપીને ઝડપી લીધો હતો. વિસાવદર તાલુકાના ગામની ૧૭ વર્ષની સગીરા ધો.૧૦નો અભ્યાસ કરતા માટે વિસાવદર ખાતે જતી હતી ત્યારે સ્કૂલની બાજુમાં દુકાન ધરાવતો વિસાવદર તાલુકાના મોણીયા ગામનો અક્ષય કરશન બુધેલીયાએ સગીરા સાથે પરિચય કેળવ્યો હતો. બાદમાં સગીરાના મોબાઈલ નંબર લઈ તેણી વધુ સંબંધ કેળવી તરૂણીને લગ્નની લાલચ આપી હતી. આ શખ્સ પશુ ખરીદવાનું પણ કામ કરતો હોય જેથી સગીરાનાં ઘરે તેના પિતા પાસે ભેંસ ખરીદવાના બહાને ગયો હતો.

આ દરમ્યાન અક્ષય કરશને વિદ્યાર્થિની સાથે તેણીની ઈચ્છા વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. ભોગ બનનાર તરુણીએ તેની ઉંમર થતાં લગ્નની વાત કરતા આ શખ્સે ધમકી આપી હતી. આ અંગે બુધવારે કિશોરીએ ફરિયાદ કરતા વિસાવદર પોલીસે અક્ષય વિરુદ્ધ પોકસો એકટની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. આ ફરિયાદ થતાની સાથે મહિલા પીએસઆઈ એસ. આઈ. સુમરાએ ત્વરિત તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં આરોપીની અટક કરી વધુ તપાસ આદરી છે.

## જૂનાગઢમાંથી મોબાઈલની ચોરી

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢમાં રહેતા મુસ્તફા અસગરાલી મોરબીવાલાનો હીરાપન્ના કોમ્પલેક્ષથી અશોકનગર સુધીમાં સેમસંગય કંપનીનો મોબાઈલ કિંમત રૂા. ૧૭ હજારનો કોઈ ચોરી કરી ગયાની બી ડીવીઝનમાં ફરીયાદ નોંધાવી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ




બીના ઈલેકટ્રોનિકસ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.




ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,

મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ

મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

:: ફોન કરવા માટેનો સમય ::

સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**

**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨ જૂનાગઢ**